# જુલાઈ

# ૨૦૨૩

# PART - 2

Most IMP
Current Affairs

www.crackgpsc.com

Crack GPSC ™

# સ્પેશ્યલ ઓફર

ઓફર લિમિટેડ સમય સુધી જ

## સરકારી નોકરીની તૈયારી કરો છો?



# 50% OFF

## તમામ વિડિયો કોર્સ પર

**Apply કૂપન કોડ : CrackGPSC50**

- પ્લેસ્ટોર પરથી **Crack GPSC** એપ ડાઉનલોડ કરો.
- **Video Courses** પર ક્લિક કરી **પસંદગીના કોર્સ** પર ક્લિક કરો.
- **Buy now** પર ક્લિક કરી **Coupon Code** દાખલ કરો.
- **APPLY** પર ક્લિક કરો.
- આપના કોર્સ પર **50% ડિસ્કાઉન્ટ** તરત જ મળી જશે.

/ CrackGPSCapp

/ crackgpsc

/ CrackGPSCexam


જો કોઈ મુશ્કેલી અનુભવાય તો
હેલ્પલાઈન નંબર પર call/whatsapp કરો.

**7990832358**

Crack GPSC


# સ્પર્ધાત્મક પરીક્ષા માટે અગત્યનાં પુસ્તકો

**બુકની ઈમેજ પર ક્લિક કરી બુકની સંપૂર્ણ માહિતી મેળવો અને ઓર્ડર કરો.**
























ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ

## CRACK GPSC

**UPSC - GPSC - PI - PSI - RFO**

**Dy. SO / નાય. | કલર્ક | તલાટી | કોન્સ્ટેબલ**

TAT | TET | HTAT

**એક એપ, બધી પરીક્ષાઓ**



**વધુ માહિતી માટે Crack GPSC એપમાં BOOKS વિભાગ વિઝિટ કરો. એમેઝોન પર પણ ઉપલબ્ધ .**

# ✱ 16 જુલાઈ - 2023 ✱

## ✱ ભારતમાં ફ્રેન્ચાઈઝી ઉદ્યોગ 150 અબજ ડોલર

⇒ ભારતમાં વિવિધ કંપનીઓ દ્વારા આપવામાં આવતી ફ્રેન્ચાઈઝી બિઝનેસ પાંચ વર્ષમાં વધીને 150 અબજ ડોલર થયો.

⇒ આ રિપોર્ટ ફ્રેન્કાસ્ટ વ્હાઈટપેપરમાં રજૂ થયો.

⇒ હાલ ભારત વિશ્વમાં બીજો સૌથી મોટો ફ્રેન્ચાઈઝી ઉદ્યોગ ધરાવે છે અને અંદાજે 300થી વધુ કંપની ભારતમાં ફ્રેન્ચાઈઝી આપે છે.

⇒ આ ફ્રેન્ચાઈઝીમાં 53% મલ્ટી યુનિટ, 50% બ્રાન્ડ પ્રાદેશિક અને 34% રાષ્ટ્રીય છે.

## ✱ ધારાવીના પુનર્વસનને મંજૂરી અપાઈ.

⇒ મહારાષ્ટ્ર સરકારે અદાણી ગ્રુપના ધારાવી વસતીમાં પુનર્વસવાટ પ્રસ્તાવને મંજૂરી આપી.

⇒ 590 એકર વિસ્તારમાં એશિયાની સૌથી મોટી ઝુંપડપટ્ટી -માં 9 લાખ લોકો વસે છે.

⇒ અદાણીગ્રુપે ધારાવીને નવેસરથી વિકસિત કરવા માટેનું ટેન્ડર મેળવ્યું છે.

## ✱ અમેરિકા ખાડીમાં વિમાનો તહેનાત કરશે.

⇒ અમેરિકા જહાજોને ઈરાન તરફથી કબજે કરવાથી બચાવવા હરમૂઝ ક્ષેત્રમાં યુદ્ધ વિમાનો મુકશે.

⇒ પશ્ચિમ એશિયામાં ઈરાન, રશિયા અને સીરિયા વચ્ચે વધતા સંબંધોના પગલે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

⇒ અમેરિકા F-16 યુદ્ધવિમાનો તહેનાત કરશે.

Current Affairs By H.Shingala

## ભારત-યુએઈ સ્થાનિક કરન્સીને પ્રોત્સાહન આપશે.

⇒ પ્રધાનમંત્રી મોદી તેમની વિદેશયાત્રા દરમિયાન UAE ના રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન ઝાયદ અલ નાહિયાન સાથે મુલાકાત કરી અને બંને દેશો વચ્ચેના સીમા પારના વેપારમાં સ્થાનિક ચલણના ઉપયોગને તથા IIT નું આબુ ધાબી કેમ્પસ સ્થાપવા માટે કરારો કર્યા.

⇒ ભારત વિશ્વનો ત્રીજો સૌથી મોટો તેલ આયાતકાર અને વપરાશકર્તા છે. રિઝર્વ બેન્કે ૨૦૨૧માં વૈશ્વિક વ્યાપાર રૂપિયામાં કરવાની જાહેરાત કરી હતી. જોકે ભારત તેલ માટે UAE ને હજુ સુધી ડોલરમાં ચૂકવણી કરે છે.

⇒ આ સિસ્ટમથી બંને દેશો વચ્ચેના રોકાણ અને રેમિટન્સને પ્રોત્સાહન મળશે.

⇒ UAE નું ચલણ = દિરહામ
ભારતનું ચલણ = રૂપિયો.

Crack GPSC Current Affairs By H.Shingala

## એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સનો રિપોર્ટ.

⇒ ભારતના રાજકારણમાં નેતાઓ કે જેમના પર અપહરણથી હત્યા સુધીના ગુના નોંધાયા છે તેનો આ રિપોર્ટમાં ઉલ્લેખ કરાયો છે.

⇒ હાલ ભારતના 44% MLA અને 43% સાંસદો પર કેસ ચાલે છે, જે માહિતી ચૂંટણીફોર્મમાં આપેલા સોગંદનામા પરથી મળવાય છે.

⇒ દેશના કુલ 4001 MLA માંથી 1777 MLA પર બળાત્કાર, અપહરણ જેવા કેસો છે.

⇒ વર્ષ ૨૦૦૪માં આ પ્રમાણ ૨૨% હતું જે ૨૦ વર્ષમાં બમણું થયું.

[*] સેમીકન્ડક્ટર ચીપ માટે ટેકનિકલ સ્કીલ્સ ડેવલપમેન્ટ કરવા VLSI (Very large Scale Integration) ડિઝાઈન કોર્સ શરૂ થશે.

⇒ સેમીકન્ડક્ટર ચીપ ઉત્પાદક માઈક્રોન ગુજરાતમાં ઉત્પાદન શરૂ કરે તે સાથે સ્થાનિક સ્તરે ટેકનિકલ સ્કીલ્સ મેનપાવર ઉપલબ્ધ કરવાના ઉદ્દેશ્યથી સરકારી ઈજનેરી કોલેજોમાં આ કોર્સ શરૂ કરાશે.

⇒ બદલાતા સમય અને તકનીકી સાથે શિક્ષણ વિભાગ ડિગ્રી અને ડિપ્લોમાં એન્જિનિયરિંગ સંસ્થાઓનું રિસ્ટ્રક્ચરિંગ કરશે અને સેમી કંડક્ટર, AI જેવા ક્ષેત્રોને ધ્યાને રાખી વિદ્યાશાખાઓ શરૂ કરશે.

⇒ મહાત્મા મંદિર ખાતે આયોજિત થનાર ત્રિદિવસીય 'સેમીકોન ઈન્ડિયા' ની ત્રીજી આવૃત્તિમાં સેમી કન્ડક્ટર માટે ભારતમાંથી અને ખાસ કરીને ગુજરાતમાંથી સ્કિલ્ડ મેનપાવર તૈયાર થાય તે માટેના પ્રયાસો કરશે.

Current Affairs By C.H.Shingala

ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ
CRACK GPSC
UPSC - GPSC - PI - PSI - RFO
Dy. SO/મામ. | કલર્ક | તલાટી | કોન્સ્ટેબલ
RFO | TAT | TET | HTAT

# ✱ 17 જુલાઈ - ૨૦૨૩ ✱

## ✱ વિશ્વનું સૌથી મોટું આંતરરાષ્ટ્રીય મંદિર સંમેલન - વારાણસી

=> આંત. મંદિર સંમેલન અને એક્સ્પો 22-24 જુલાઈ વારાણસીના રુદ્રાક્ષ કન્વેન્શન સેન્ટરમાં આયોજીત થશે જે ટેમ્પલ કનેક્ટ (ઈન્ડિયા) દ્વારા સંચાલિત થશે.

=> આ દુનિયાનું પ્રથમ આયોજન છે કે સંપૂર્ણ રીતે દુનિયાભરના મંદિરોને સમર્પિત છે અને મંદિર પારિસ્થિતિકી તંત્રના શાસન, સંચાલનને સશક્ત બનાવવા પર ધ્યાન કેન્દ્રીત કરશે.

=> આયોજનનો વિચાર ટેમ્પલ કનેક્ટના સંસ્થાપક ગિરેશ કુલકર્ણી, પ્રસાદ લાડ અને મેઘા ઘોષે સંયુક્ત રીતે મુક્યો.

=> સંમેલનનું ઉદ્દઘાટન RSSના મોહન ભાગવત કરશે.

## ✱ તમિલનાડુનું પ્રથમ ઉડાન પ્રશિક્ષણ સંગઠન

Crack GPSC Current Affairs By C.H.Shingala

=> તમિલનાડુના પ્રથમ ઉડાન પ્રશિક્ષણ સંગઠનને નાગરિક ઉડ્ડયન મંત્રાલયે મંજૂરી આપી.

=> ત. નાડુના સેલમ હવાઈ મથક સ્થિત ઇકેટી આઈ એર ટ્રેનિંગ ઓર્ગેનાઈઝેશન પ્રા.લિ. આ સંગઠન સ્થાપશે.

=> સમગ્ર ત. નાડુનું આ એક માત્ર ઉડાન પ્રશિક્ષણ સંગઠન છે.

=> ભારતમાં કુલ 36 આવા સંગઠનો છે.

=> આ સંગઠન પાયલટ બનવા ઈચ્છુકને તાલીમ આપશે અને દેશમાં વિમાનન ઉદ્યોગને વેગ આપશે.

સરકારી નોકરીની તૈયારી માટે
76000 51070
Crack GPSC
ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ
CRACK GPSC
• અનુભવી અને સફળ ફેકલ્ટીઝ સાથે ઓછા સમયમાં સચોટ તૈયારી એટલે Crack GPSC

## ⊛ પરંપરાગત દવાઓના આસિયાન સંમેલનમાં ભારત મેજબાની કરશે.

⇒ નવી દિલ્લી ખાતે આયોજિત થનાર આ સંમેલનમાં કંબોડિયા અને વિયેતનામ સહિત 10 આસિયાન દેશો ભાગ લેશે.

⇒ કાર્યક્રમની મેજબાની વિદેશ મંત્રાલય, આસિયાનમાં ભારતીય મિશન અને આસિયાન સચિવાલયના સહયોગથી આયુષ મંત્રાલય કરશે.

⇒ આ સંમેલનનો ઉદ્દેશ્ય ભારત અને આસિયાન દેશો વચ્ચે પોતાની સર્વોત્તમ પ્રથાઓ એક પ્લેટફોર્મ પર લાવી મજબૂત બનાવવાનો છે.

⇒ આ સંમેલનમાં પારંપરિક દવાઓના ક્ષેત્રને ભવિષ્યમાં વેગ આપવા બાબતે રોડમેપ તૈયાર કરવામાં આવશે.

## ⊛ ઓપરેશન સદર્ન રેડીનેસ - 2023

Current Affairs By ... Chingala

⇒ INS સુનયનાએ આ ઓપરેશનમાં ભાગ લીધો જે સેશલ્સ ખાતે આયોજિત થયો હતો.

⇒ આ ઓપરેશનનું સંચાલન સંયુક્ત સમુદ્રી દળ (CMF) દ્વારા કરવામાં આવ્યું હતું.

⇒ આ ઓપરેશન બહુરાષ્ટ્રીય પહેલ છે જેનો ઉદ્દેશ્ય સમુદ્રી સુરક્ષાને વધારવાનો તથા નૌવિગેશનની સ્વતંત્રતા સુનિશ્ચિત કરવાનો, સમુદ્રી ચોરી/લૂંટને અટકાવવાનો છે.

⇒ સંયુક્ત સમુદ્રી દળની સ્થાપના 2002માં થઈ હતી જેમાં 33 દેશોના કર્મીઓ અને જહાજ છે

### ⊙ INS સુનયના ⊙

→ ભારતીય નૌસેનાનું બીજુ સરયૂ શ્રેણીનું જહાજ
→ ગોવા શિપયાર્ડ લિ. દ્વારા નિર્મિત

## (*) હૈદરાબાદ ટંકશાળના 120 વર્ષ

⇒ સ્મારક સિક્કાની જાહેરાત સાથે હૈદરાબાદ ટંકશાળની 120મી વર્ષગાંઠ ઉજવવામાં આવી.

⇒ હૈદરાબાદમાં ભારત સરકારની ટંકશાળ 100થી વધુ વર્ષોથી ગુણવત્તા યુક્ત સિક્કાઓનું ઉત્પાદન કરે છે.

⇒ સ્થાપના - 1803 (નિઝામની ટંકશાળ તરીકે)

⇒ સ્થાપક - મીર અકબર અલી ખાન સિકંદર જાહ અને આસફ જાહ - 3.

⇒ ભારત સરકારના નિયંત્રણમાં - 1950થી.

## (*) વિશ્વ યુવા કૌશલ દિવસ - 15 જુલાઈ

⇒ યુવાઓને કૌશલ પ્રદાન કરવા તથા તેમની આવશ્યક ભૂમિકા નક્કી કરવા આ દિવસ દર વર્ષે મનાવાય છે.

Current Affairs By C.H.Shingala Crack GPSC

⇒ 2014માં UN મહાસભાએ આ દિવસની જાહેરાત કરી.

⇒ યુવાઓને રોજગાર, કૌશલ બાબતે સુસજ્જ અને તાલીમબદ્ધ કરવા પ્રેરિત કરવાનો ઉદ્દેશ્ય આ દિવસ ધરાવે છે.

⇒ વર્ષ 2023ની થીમ :

"પરિવર્તિત ભવિષ્ય માટે શિક્ષકો, પ્રશિક્ષકો અને યુવાઓને કુશળ બનાવવા"

એક એપ બધી પરીક્ષાઓ
સરકારી નોકરી ની તૈયારી કરો
RFO | TAT | TET | HTAT
ગુજરાતની નં. 1 એપ સાથે CRACK GPSC
UPSC - GPSC - PI - PSI - Dy.SO/મામલતદાર - બિનસચિવાલય ક્લર્ક - તલાટી - કોન્સ્ટેબલ
76000 51070

# [*] 18 જુલાઈ - 2023 [*]



## [*] બોનાલુ મહોત્સવ - હૈદરાબાદ

⇒ બોનાલૂ મહોત્સવ હૈદરાબાદમાં અષાઢ માસમાં મનાવાય છે.

⇒ ઉત્સવમાં અક્કના મદન્ના મંદિર, હરિ બાઉલી, લાલ દરવાજા સ્થિત શ્રી સિંહવાહિની મહાકાલી મંદિરમાં અનેક કાર્યક્રમો આયોજિત થાય છે.

⇒ પારંપરિક પોશાકમાં મહિલાઓ માથા પર 'બોનમ' (ઘડો) લઈને મંદિરે પ્રસાદ ચઢાવે છે. બોનમનો અર્થ વાસણમાં રાંધેલ મીઠું ભોજન થાય છે.

## [*] વિશ્વ સાપ દિવસ - 16 જુલાઈ

⇒ નવી દિલ્લીના રાષ્ટ્રીય પ્રાણી ઉદ્યાનમાં વિશ્વ સાપ દિવસ મનાવવામાં આવ્યો.

⇒ આ દિવસનો ઉદ્દેશ્ય ભારતમાં સાપ બાબતે જાગૃતતા લાવવાનો તથા પારિસ્થિતિકી તંત્રમાં સાપના મહત્વને ઉજાગર કરવાનો છે.

⇒ ભારતને વિશ્વની **સર્પદંશની રાજધાની** કહેવાય છે. વાર્ષિક વિશ્વમાં 78000 - 1 લાખ સર્પદંશની ઘટના બને છે જેમાંથી 64,000 માત્ર ભારતમાં બને છે.

## [*] નોમેડિક એલીફન્ટ - 2023 - સૈન્ય અભ્યાસ

⇒ ભારત અને મોંગોલીયાની સેના વચ્ચે આ અભ્યાસનું આયોજન થયું.

⇒ અભ્યાસમાં ભારતીય સેનાના જમ્મૂ-કશ્મીર લાઈટ ઈન્ફ્રેન્ટ્રી રેજિમેન્ટના સૈનિક અને મોંગોલીયાની 084 યૂનિટ ટૂકડી ભાગ લીધો.

⇒ અભ્યાસનો ઉદ્દેશ્ય સંયુક્ત રાષ્ટ્રના પહાડી વિસ્તારમાં આતંકવાદ વિરોધી અભિયાન પર ધ્યાન કેન્દ્રીત કરવાનો છે.

Current Affairs By C.H.Sulingala Crack GPSC

**[*] 'ગજહ કોથા' અભિયાન- આસામ સરકાર**

⇒ માનવ-હાથી સંઘર્ષ (HEC)ની વધતી સંખ્યાને ઘટાડવા આસામ સરકારે આ અભિયાન અમલમાં મુક્યું.

⇒ આ અભિયાન આસામમાં માનવ-હાથી સંઘર્ષવાળા ગામોને કેન્દ્રીત કરી લોકોને હાથીના વ્યવહાર અને ક્ષેત્રની પારિસ્થિતિકી બાબતે શિક્ષિત કરવાનો પ્રયાસ કરશે.

⇒ આ અભિયાન આરણ્યક અને બ્રિટિશ એશિયન ટ્રસ્ટ આસામ વિભાગે સાથે મળીને શરૂ કરી.

**[*] G20 હેઠળની બેઠકમાં લંબાની કલાને ગિનીઝ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન.**

⇒ હમ્પી ખાતે આયોજિત G20ની સંસ્કૃતિ કાર્યસમૂહની ત્રીજી બેઠકમાં 'લંબાની વસ્તુઓના સૌથી મોટા પ્રદર્શનને ગિનીઝ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મળ્યું.

Current Affairs By C.H.Shingala GPSC

⇒ લંબાની પ્રદર્શનમાં 1755 વસ્તુઓનું પ્રદર્શન મુકવામાં આવ્યું હતું.

⇒ સંદુર કુશલા કલા કેન્દ્રથી જોડાયેલ 450થી વધુ મહિલા કારીગરો અને કલાકારોએ 1755 કલાઓમાં GI Tag વાળી સંદૂર કલાની પ્રખ્યાત કઢાઈનો ઉપયોગ કરીને વસ્તુઓ તૈયાર કરવામાં આવી.

**• લંબાની કલા •**

⇒ લંબાની કલા. કર્ણાટક આસપાસના ગામોમાં વિકસી છે જેમાં લંબાની શિલ્પમાં સુંદર કપડ બનાવવા માટે નાના નાના ઉપયોગમાં ન લઈ શકાય તેવા કપડાઓને ભેગા કરી મોટું કાપડ બનાવવામાં આવે છે.

⇒ લંબાની કલાને બંજારા કઢાઈના નામે પણ ઓળખવામાં આવે છે.

**(*) રાષ્ટ્રપતિ મુર્મૂ નવી દિલ્હીમાં 'ભૂમિ સન્માન' 2023 આપશે.**

⇒ રાષ્ટ્રપતિ ભૂમિ સન્માન 9 રાજ્ય સચિવો અને 68 જિલ્લા કલેક્ટરો અને તેમની ટીમ સાથે અપાશે.

⇒ આ સન્માન એમને અપાશે જેમને ડિજિટલ ઈન્ડિયા લેન્ડ રેકોર્ડ્સ આધુનિકીકરણ કાર્યક્રમના મુખ્ય ઘટકોને પ્રાપ્ત કરવામાં ઉત્કૃષ્ટતા દર્શાવી છે.

⇒ ગ્રામીણ વિકાસ અને પંચાયતી રાજ મંત્રી ગિરિરાજ સિંહે આ બાબતને કેન્દ્ર-રાજ્ય સહકારી સંઘવાદનું ઉત્કૃષ્ટતા વાળું ઉદાહરણ કહ્યું.

⇒ અત્યાર સુધીમાં ભારતમાં 94% ભૂમિ સંસાધનનું ડિજિટલીકરણ થયું છે જેને 31 માર્ચ 2024 સુધીમાં 100% લક્ષ્ય હાંસલ કરાશે.

Current Affairs By GPSC

**(*) ભારત દાળ' બ્રાન્ડની સબસીડીવાળી ચણાદાળની વેચાણ શરૂ કરવામાં આવશે.**

⇒ ઉપભોક્તા બાબત, ખાદ્ય અને સાર્વજનિક વિતરણ મંત્રી પીયૂષ ગોયલે 1 kgના પેકની 60રૂ./kg અને 30kgના પેકને 55રૂ./kg ના ભાવે વેચવાની જાહેરાત કરી.

⇒ આ પગલું સરકારી ચણાના સ્ટોકને ચણાદાળમાં તબદીલ કરી સસ્તી કીંમતે ઉપલબ્ધ કરાવવા માટે ભરવામાં આવ્યું છે.

⇒ નાફેડ ચણાદાળનું મીલિંગ અને પેકિંગનું કાર્ય કરે છે તથા ભારતમાં ચણાદાળ એ સૌથી વધુ ઉત્પાદિત થતી દાળ છે.

⇒ 2019-20માં ચણાદાળ ઉત્પાદનમાં ક્રમ.
(1) મધ્યપ્રદેશ (2) રાજસ્થાન (3) મહારાષ્ટ્ર.

⇒ નાફેડની સ્થાપના - 1958, નવી દિલ્હી.

## [*] 19 જુલાઈ-2023 [*]

**[*] ઓસ્ટ્રેલિયાનું વિક્ટોરિયા રાજ્ય 2026માં નેશનલ ગેમ્સની મેજબાની નહીં કરે.**

⇒ અનુમાનિત ખર્ચથી વધુ ખર્ચની આશંકાએ આ નિર્ણય લેવામાં આવ્યો છે.

⇒ વિક્ટોરિયા રાજ્યના પ્રીમિયર ડૈન એન્ડ્રુઝના અનુસાર, રમત માટેનો ખર્ચ આર્થિક લાભથી બમણાથી પણ વધુનો થવાનું જણાવ્યું.

⇒ 2026માં થનાર આ ગેમ્સ 17 માર્ચથી 29 માર્ચ સુધી વિક્ટોરિયન સીટી જિલોન્ગ, બેંડિગો, બલ્લારત, ગિપ્સલેંડ અને શેપાર્ટનમાં આયોજિત થવાનું હતું.

⇒ નેશનલ ગેમ્સ દર ચાર વર્ષે આયોજિત થાય છે. ઓસ્ટ્રેલિયાએ 2018માં ગોલ્ડ કોસ્ટમાં ખેલની મેજબાની કરી હતી. 2022માં આ ગેમ્સ ઈંગ્લેન્ડના બર્મિંઘમ ખાતે આયોજિત થઈ હતી.

⇒ વિક્ટોરિયા દક્ષિણપૂર્વ ઓસ્ટ્રેલિયાનું એક રાજ્ય છે જેની રાજધાની મેલબોર્ન છે.

Current Affairs By C.H.Shingala

**[*] ચીને દુનિયાનું પ્રથમ મિથેન સંચાલિત રોકેટ અંતરિક્ષ લોન્ચ કર્યું.**

⇒ ચીની કંપનીએ મીથેન-તરલ ઓક્સિજન રોકેટ લોન્ચ કર્યું.

⇒ [ઝુકે-2] વાહક રોકેટને ઉત્તર-પશ્ચિમી ચીનના જિઉક્વાન સેટેલાઈટ લોન્ચ સેન્ટરથી ઉડાન ભરી.

⇒ મીથેનથી ચાલતા આ રોકેટને [મેથાલોક્સ] નામ અપાયું છે જેમાં ઈંધણ તરીકે મીથેન અને ઓક્સિડાઈઝર તરીકે પ્રવાહી ઓક્સિજનનો ઉપયોગ થશે.

**[*] રશિયાએ યુક્રેન સાથે કાળા સમુદ્ર અનાજ સમજૂતીને નવીનીકૃત કરવાનો ઈનકાર કર્યો.**

⇒ આ ઈનકારથી યુક્રેનથી અનાજ લઈ જતા જહાજો માટે સુરક્ષિત માર્ગનો અવકાશ જન્મશે.

⇒ યુક્રેન દુનિયાનો સૌથી મોટો ખાદ્યાન્ન નિકાસકાર છે અને આ બાબતે UN માં તે મુખ્ય યોગદાનકર્તા છે.

⊙ <u>શા માટે રશિયાએ આ ઈનકાર કર્યો?</u> ⊙

→ રશિયાના દાવા મુજબ આ કરારમાં ઉલ્લેખિત બાબતોને અપનાવાઈ નથી.

→ રશિયાના આરોપ મુજબ યુક્રેને ઉચ્ચ અને મધ્યમ આવકવાળા દેશોમાં ખાદ્યાન્ન નિર્યાત કર્યું જ્યારે કરાર મુજબ વૈશ્વિક ખાદ્ય સુરક્ષા સુનિશ્ચિત કરવાની હતી.

**[*] યૌન સ્વાસ્થ્ય બાબતે કિશોરો માટે MP સરકારે UNICEF સાથે મળી ચેટબોટ લોન્ચ કર્યું.**

Current Affairs By C.P.Bhingala GCCC

⇒ મધ્યપ્રદેશ સરકારે યૌન સ્વાસ્થ્ય સંબંધિત AI આધારિત ચેટબોટ 'જસ્ટ આસ્ક/ખુલકે પૂછો' લોન્ચ કર્યું.

⇒ આ ચેટબોટ યૌન અને પ્રજનન સ્વાસ્થ્ય પર સટીક અને સુલભ જાણકારી આપશે.

⇒ આ ચેટબોટ ઉપયોગકર્તાને શારીરિક પરિવર્તન, માસિક ધર્મ, પ્રજનન સ્વાસ્થ્ય, યૌન શિક્ષણ અને અન્ય SRHR વિષયોના પ્રશ્નોનું નિરાકરણ કરશે.

⇒ આ મોડલમાં ધ્રુવ અને દેવિકા પાત્ર સામેલ છે જે સરળ અને પ્રાસંગિક રીતે જાણકારી આપશે.

SRHR - Sexual and Reproductive Health and Rights.

# [*] 20 જુલાઈ - 2023 [*]

## [*] સાત્વિકસાઈરાજ રંકીરેડ્ડીનો બેડમિંટન સ્મેશમાં ગિનીસ વર્લ્ડ રેકોર્ડ.

⇒ ભારતીય બેડમિન્ટન ખેલાડી સાત્વિકસાઈરાજ રંકીરેડ્ડી-એ 565 km/hrની ગતિએ સૌથી તેજ બેડમિન્ટન સ્મેશ રેકોર્ડ બનાવ્યો.

⇒ આ રેકોર્ડ તેમણે કોરિયા ઓપન 2023માં બનાવ્યો.

⇒ તેમણે મલેશિયાઈ શટલર ટૈન બૂન હેઓંગના 493 km/hr-ના રેકોર્ડને તોડ્યો છે.

⇒ બેડમિન્ટન સાથે જોડાયેલા [શબ્દો].

બેકકોર્ટ, રૈલી, સ્મેશ, શટલકોક, ફાલ્ટ, ડ્રાઈવ.

## [*] સૂરત ડાયમંડ બોર્સ દુનિયાનું સૌથી મોટું કાર્યાલય ભવન બન્યું.

⇒ ભારતની આ ઈમારતની સિદ્ધિએ અમેરિકાના પેંટાગોનને પાછળ છોડ્યું છે.

⇒ સુરત ડાયમંડ સીટી કહેવાય છે. જ્યાં વિશ્વના 90% હીરાને પોલિશિંગ થાય છે.

⇒ ડાયમંડ બોર્સમાં 15 માળનું કોમ્પલેક્સ 35 એકર જમીન પર બનાવાયું છે.

⇒ આ ઈમારતને કટર, પોલિશર્સ અને વેપારીઓ સહિત 65,000થી વધુ હીરાના કારીગરો/વેપારીઓ માટે 'વન-સ્ટોપ ડેસ્ટિનેશન' તરીકે ઓળખાશે.

⇒ ઈમારતનું નિર્માણ ભારતીય આર્કિટેક્ચર ફર્મ મોર્ફોજેનેસિસ દ્વારા 32 બિલિયન ડોલરના ખર્ચથી કરાયું છે.

Current Affairs By GPSC

[*] ભારતે 2022માં 93% DPT3 રસીકરણ પૂર્ણ કર્યાનો WHOનો રિપોર્ટ.

⇒ WHO અને UNICEFના રિપોર્ટ અનુસાર ભારતમાં બાળપણમાં રસીકરણની બાબતમાં રેકોર્ડ નોંધાવ્યો.

⇒ DPT3 (ડિપ્થેરિયા, પર્ટુસિસ, ટેટનેસ)ના કવરેજમાં 2022માં 93%, 2019માં 91% અને 2021માં 85%નો રેકોર્ડ બન્યો હતો.

⇒ એવા બાળકો કે જેમને DPTનો એક પણ ડોઝ ન મળ્યો હોય તેવા દક્ષિણ-પૂર્વ એશિયામાં 2022માં ઘટીને 2.3 મિલિયન થયા.

⇒ ભારત ઉપરાંત 2022માં ઈન્ડોનેશિયાએ 85% અને બાંગ્લાદેશે 98% લક્ષ્યાંક પ્રાપ્ત કર્યો છે.

[*] હેનલે પાસપોર્ટ ઈન્ડેક્સ - ભારત - 80માં સ્થાને.

⇒ હેનલે પાસપોર્ટ ઈન્ડેક્સ-2023 અનુસાર ભારત 5 સ્થાનના ફાયદા સાથે 85થી 80માં સ્થાને રહ્યું.

⇒ ભારતીયો વિઝા વગર ભારતીય પાસપોર્ટ પર વિશ્વના 57 દેશોમાં યાત્રા કરી શકે છે.

⇒ દુનિયાના સૌથી શક્તિશાળી પાસપોર્ટની બાબતમાં સિંગાપુરે જાપાનને પાછળ છોડ્યું. સિંગાપુરના પાસપોર્ટ ધારકો 192 સ્થળોએ વીઝામુક્ત પ્રવાસ કરી શકે છે.

⇒ યાદીમાં બીજા સ્થાને જર્મની, ઈટલી અને સ્પેન છે જ્યારે ત્રીજા સ્થાને ઓસ્ટ્રિયા અને ફિનલેન્ડ છે.

⇒ અફઘાનિસ્તાન (103મો) સૌથી ખરાબ પાસપોર્ટ તરીકે આ યાદીમાં નામિત થયો.

• <u>હેનલે પાસપોર્ટ ઈન્ડેક્સ</u> •

◦ શરૂઆત - 2006
◦ 199 પાસપોર્ટ અને 227 સ્થળોના આધારે.

[*] લોકસભા ચૂંટણી માટે 26 વિપક્ષી દળોનું નવું ગઠબંધન 'INDIA' રચાયું.

⇒ INDIA - ઈન્ડિયન નેશનલ ડેવલપમેન્ટ ઈન્ક્લુસિવ એલાયન્સ.

⇒ બેંગલુરુ ખાતે આયોજિત વિપક્ષી દળોની બેઠકમાં કોંગ્રેસ રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ આ જાહેરાત કરી.

⇒ INDIA ગઠબંધન 2024માં લોકસભા ચૂંટણીમાં NDA સામે એક થઈને ચૂંટણી લડશે.

⇒ આવનારી મુંબઈ ખાતેની વિપક્ષી દળોની ત્રીજી બેઠકમાં 11 સદસ્યોની સમિતિ રચવામાં આવશે અને તેમના માર્ગદર્શન હેઠળ 2024ની લોકસભાની ચૂંટણી લડવામાં આવશે.

⇒ બેંગલુરુ ખાતે વિપક્ષી દળોની આ બીજી બેઠક હતી. અગાઉ પ્રથમ બેઠક પટના (બિહાર) ખાતે આયોજિત થઈ હતી. જેમાં માત્ર 15 પાર્ટીના નેતાઓ જ સામેલ થયા હતા.

Current Affairs By C.H.Shingala GPSC

[*] ચીનમાં જુલાઈમાં 52.2°C તાપમાન નોંધાયાનો રેકોર્ડ.

⇒ ચીનના શિનજિયાંગ ક્ષેત્રમાં સાનબાઓ વિસ્તારમાં આ તાપમાન જોવા મળ્યું.

⇒ હાલ વિશ્વના અનેક અને તેમાં પણ એશિયાઈ દેશો હીટ વેવનો સામનો કરી રહ્યા છે.

⇒ જલવાયુ વિશેષજ્ઞો અનુસાર દીર્ઘકાલિન ગ્લોબલ વોર્મિંગમાં 1.5°C ની અંદર વધારાનું લક્ષ્યાંક રાખવામાં આવ્યું છે.

⊙ <u>તાપમાનના વધારાથી ઉદ્‌ભવતી મુશ્કેલીઓ</u> ⊙

→ લૂ અને વધુ તાપમાન માનવ સ્વાસ્થ્યને પ્રભાવિત કરે છે.

→ હીટવેવ પાણીની ઉપલબ્ધતા ઘટાડે છે જેનાથી વીજ ઉત્પાદન ઘટે છે.

→ હીટવેવ કૃષિ ઉત્પાદનમાં પણ ઘટાડો કરે છે.

# * 21 જુલાઈ - 2023 *

## * પશુધન ક્ષેત્રે ક્રિડિટ ગેરંટી યોજના

⇒ પશુપાલન અને ડેયરી વિભાગ, મત્સ્ય પાલન મંત્રાલય અંતર્ગત આ યોજના શરૂ થઈ.

⇒ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય લોન વિતરણ પ્રણાલીને મજબૂત કરવાનો અને પશુધન ક્ષેત્રનો વિકાસ કરવાનો છે.

⇒ આ યોજનામાં 3% વ્યાજની છૂટ અપાશે.

⇒ કોઈપણ ખાનગી કે રાષ્ટ્રીય સહકારી વિકાસ નિગમ બેંક કુલ રકમના 90% લોન આપશે.

## * ગુજરાત 2024માં 69માં ફિલ્મફેર પુરસ્કારની મેજબાની કરશે.

Current Affairs By C.H.Shingala
Crack GPSC

⇒ રાજ્યસરકારના પર્યટન વિભાગે આ યોજના માટે વર્લ્ડવાઈડ મીડિયા સાથે સમજૂતી હસ્તાક્ષર કર્યા.

⇒ ટૂરિઝમ કોર્પોરેશન ઓફ ગુજરાત લિમિટેડ અને WWM આ કરારથી રાજ્યમાં ફિલ્મ જગતને વેગ આપશે.

⇒ MOU હસ્તાક્ષર બોલીવુડ અભિનેતા ટાઈગર શ્રોફની ઉપસ્થિતિમાં કરાયા.

⇒ ફિલ્મફેર વાર્ષિક પુરસ્કાર છે જે ભારતની હિન્દી ભાષા ફિલ્મ ઉદ્યોગમાં સન્માન પુરા પાડે છે.

⇒ 68 માં ફિલ્મફેર 2023માં મુંબઈમાં આયોજિત થયો હતો.

## [*] રાકેશ પાલ - ભારતીય તટ રક્ષક દળના ડાયરેક્ટર બન્યા.

⇒ રાકેશ પાલ 25માં ડિરેક્ટર બનશે.
⇒ તેઓ 1989માં ભારતીય તટ રક્ષક દળમાં સામેલ થયા.
⇒ તેમણે કોચ્ચિના ભારતીય નૌસેના સ્કૂલ દ્રોણાચાર્યથી સૈનિકી તાલીમ મેળવી છે.

⇒ 2013માં તટરક્ષક પદક અને 2018માં રાષ્ટ્રપતિ તટરક્ષક પદકથી સન્માનિત.

### ⊙ ભારતીય તટ રક્ષક દળ ⊙

→ રક્ષા મંત્રાલય હેઠળ કામ કરે છે.
→ તે એક સશસ્ત્ર દળ, સમુદ્રી બાબતમાં તપાસ અને બચાવ એજન્સી છે.
→ મુખ્યાલય - નવી દિલ્હી.

Current Affairs By Shingala GPSC

## [*] આંતરરાષ્ટ્રીય શતરંજ દિવસ - 2023 - 20 જુલાઈ

⇒ યુનેસ્કોએ વિશ્વનાથન આનંદ, રમેશબાબૂ પ્રગનાનંદન, મેગ્નસ કાર્લસન જેવા શતરંજ ખેલાડીઓના યોગદાનને દર્શાવવા આ દિવસ પ્રસ્તાવિત કર્યો.
⇒ આંતરરાષ્ટ્રીય શતરંજ મહાસંઘ (FIDE)ની સ્થાપના 1966માં થયાની યાદમાં 20 જુલાઈ શતરંજ દિવસ તરીકે મનાવાય છે.
⇒ આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિએ 1999માં FIDEને માન્યતા આપી હતી.

[*] ભારત આબોહવા વિજ્ઞાન વિભાગ (IMD)એ Heat Index લોન્ચ કર્યો.

⇒ હિટ ઈન્ડેક્સ તાપમાનનું પ્રમાણ વધુ ધરાવતા વિસ્તારને માર્ગદર્શન આપવા માટે કામ કરશે.

⇒ રાષ્ટ્રીય આપત્તિ નિવારણ સંસ્થાએ સ્થાનિક સંસ્થાની મદદથી હીટ એક્શન પ્લાન હેઠળ ભુવનેશ્વર અને અમદાવાદ માટે હીટ ઈન્ડેક્સ બનાવ્યો.

⇒ હીટ ઈન્ડેક્સમાં રંગ કોડ (color code)નો ઉપયોગ કરાયો છે.

① લીલો - પ્રાયોગિક સૂચકાંક - 35°C થી ઓછું તાપમાન
② પીળો - 36-45°C તાપમાન
③ નારંગી - 46 - 55°C તાપમાન
④ લાલ - 55°C થી વધુ તાપમાન.

# [*] 22 જુલાઈ - 2023 [*]

## [*] સૂર્ય મિશન - આદિત્ય એલ-1.

⇒ ચંદ્રયાન બાદ ઈસરો દેશના પ્રથમ સૂર્ય મિશન 'આદિત્ય એલ-1' લૉન્ચિંગ માટે તૈયાર છે.

⇒ ISRO મુજબ ચંદ્રયાન-3 ના ઉતરાણ બાદ સપ્ટેમ્બરની શરૂઆત-માં આ મિશન મોકલાશે.

⇒ ISRO ચેરમેન એસ. સોમનાથના મતે આ મિશન સોલર કોરોનલ ઈજેક્શન એટલે કે સૂર્યના ઉપરી વાયુમંડળમાંથી નીકળતી જ્વાળાઓનો અભ્યાસ કરશે.

⇒ સૂર્યનાં કિરણો આઠ મિનિટે ધરતી પર પહોંચે છે જ્યારે અન્ય તારાઓના કિરણોને ચાર વર્ષનો સમય લાગે છે. આથી વિશ્વના વિવિધ દેશો સૂર્ય મિશન પર કામ કરી રહ્યા છે.

⇒ આદિત્ય એલ-1માં કુલ સાત ઉપકરણ - વીઈએલસી, સૂટ, એસએસપીઈએક્સ, પાપા, સોલેક્સ, હેલ1ઓએસ અને મેગ્નોમીટર (ઇત્યાદિ).)

⇒ સૂર્યના અધ્યયન માટે દુનિયાભરમાંથી 22 સૂર્ય મિશન મોકલાયાં છે જેમાંથી નાસાએ સૌથી વધુ 14 મોકલ્યા છે.

## [*] QS બેસ્ટ સ્ટૂડન્ટ સીટિઝ રેન્કિંગ.

⇒ ભણવા માટે ઉત્તમ શહેરોના રેન્કિંગની 11મી આવૃત્તિ જાહેર થઈ.

⇒ દુનિયાભરમાં વિદ્યાર્થીઓ માટે લંડન સૌથી શ્રેષ્ઠ શહેર. સતત પાંચમા વર્ષે રહ્યું.

⇒ ટોચના દેશોમાં ટોક્યો, સિઓલ, મેલબોર્ન અને મ્યુનિક છે.

⇒ મુંબઈ - 118, દિલ્લી - 132, બેંગલુરુ - 147, ચેન્નઈ - 160મો ક્રમ ધરાવે છે.

## [*] કુનોમાંથી ચિત્તા રાજસ્થાન શિફ્ટ કરવાનું સૂચન

⇒ મધ્યપ્રદેશના કુનો નેશનલ પાર્કમાં આઠ ચિત્તાઓના મોત અંગે સુપ્રીમકોર્ટે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે.

⇒ જસ્ટિસ બીઆર ગવઈના વડપણ હેઠળની બેન્ચે આફ્રિકાથી લાવવામાં આવેલા 40% ચિત્તા એક વર્ષની ઉંમરે જ મૃત્યુ પામ્યાનો અહેવાલ આપ્યો.

⇒ સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને પ્રતિષ્ઠાનો પ્રશ્ન ન બનાવી તેમના સંરક્ષણ માટે રાજસ્થાનના અભયારણ્યમાં મોકલવા સૂચન કર્યું.

⇒ સરકારે આ બાબતે દલીલ કરી છે કે શિફ્ટિંગમાં 50% મોત સામાન્ય છે.

## [*] ગગનયાનનું સફળ પરીક્ષણ, ત્રણ લોકોને અંતરિક્ષમાં મોકલાશે.

⇒ ચંદ્રયાનના લેન્ડિંગ બાદ ISRO ગગનયાન પ્રોજેક્ટ માટે કાર્યરત થયું છે.

⇒ આ પ્રોજેક્ટમાં ત્રણ લોકોને ત્રણ દિવસ માટે અંતરિક્ષમાં મોકલવામાં આવશે.

⇒ 400 Kmની દૂરીમાં તેઓને લઈ ગયા બાદ સમુદ્રમાં તેમનું લેન્ડિંગ કરાવવામાં આવશે.

⇒ ISRO એ તમિલનાડુના મહેન્દ્રગિરીમાં ઈસરો પ્રપલ્સન કોમ્પ્લેક્સમાં ગગનયાન સર્વિસ મોડ્યુલ પ્રપલ્સન સિસ્ટમ (SMPS)નું સફળ પરીક્ષણ કર્યું.

⇒ 250 સેકન્ડના આ પરીક્ષણમાં આરસીએસ થ્રસ્ટર્સની સાથે એલએએમ એન્જિનોને કન્ટિન્યુડ મોડમાં ફાયર કરાયા હતા. ગગનયાનનું સર્વિસ મોડ્યુલ બાય પ્રોપલન્ટ બેસ્ટ પ્રપલ્સન સિસ્ટમ છે.

Current Affairs By C.H.Shingala

(*) સરકારે નોન-બાસમતી સફેદ ચોખાની નિકાસ પર પ્રતિબંધ મૂક્યો.

⇒ ડિરેક્ટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડ દ્વારા બહાર પાડેલા જાહેરનામા અનુસાર કેન્દ્ર સરકારે આ પ્રતિબંધ મૂક્યો.

⇒ જાહેરનામા અનુસાર ચાર વિવિધ સ્થિતિમાં આ પ્રકારના ચોખાના કન્સાઈન્મેન્ટને મંજૂરી આપવામાં આવશે.

① જે કેસમાં શિપિંગ બિલ ફાઈલ થઈ ગયા હશે.

② વહાણો આવી ગયા હોય.

③ વહાણો ભારતીય બંદરે લાંગરવામાં આવ્યા હોય.

④ જેમને નોટિફિકેશન અગાઉ રોટેશન નંબર ફાળવી દેવામાં આવ્યો હોય.

⇒ થાઈલેન્ડ, ઈટલી, સ્પેન, શ્રીલંકા અને સંયુક્ત રાજ્ય અમેરિકા ભારતના બિન-બાસમતી ચોખાની આયાત કરે છે.

Current Affairs By C.H.Shingala GPSC

(*) કોલસા મંત્રાલયને GeM પોર્ટલના માધ્યમથી ખરીદી માટે 'બેસ્ટ એન્ગેજમેન્ટ' પુરસ્કાર અપાયો.

⇒ વાણિજ્ય મંત્રાલયે હાલમાં GeMના માધ્યમથી ઈ-ખરીદી -માં મેળવેલ ઉપલબ્ધીઓ માટે આ પુરસ્કાર આપ્યો.

⇒ કોલ ઈન્ડિયા લિમિટેડ ને 'રાઈઝિંગ સ્ટાર' શ્રેણીથી સન્માનિત કરાયું.

⇒ NLCને 'ટાઈમલી પેમેન્ટ' શ્રેણીનો પુરસ્કાર મળ્યો.

⇒ 2023, 17 જુલાઈ સુધીમાં GeMના માધ્યમથી 3909 કરોડની ખરીદી થઈ.

⇒ કોલસા મંત્રાલય ચાલુ નાણાકિય વર્ષમાં 100 દિવસમાં 4000 કરોડ રૂ.ના લક્ષ્યાંકને પાર પાડવામાં સફળ રહ્યું છે.

# 23 જુલાઈ-2023

**વિરાટ કોહલી તેની 500મી આંતરરાષ્ટ્રીય મેચમાં સદી બનાવનાર પ્રથમ ખેલાડી બન્યા.**

→ વિરાટ વેસ્ટ ઈન્ડીઝ સામે 15મી બહેરની ટેસ્ટ અને 76મી આંતરરાષ્ટ્રીય સદી ફટકારી.

→ વિરાટ પોર્ટ ઓફ સ્પેનમાં બીજી ટેસ્ટમાં 180 બોલના 100 રન કર્યા.

→ સચિન તેંડુલકર, રાહુલ દ્રવિડ, એમ.એસ ધોની સહિત કોહલી 500 આંતરરાષ્ટ્રીય મેચ રમનાર ચોથા ભારતીય ખેલાડી બન્યા. સચિન 664 આંતરરાષ્ટ્રીય મેચ રમ્યા છે.

**જાપાને સેમીકન્ડક્ટર પારિસ્થિતિકી તંત્રના વિકાસ માટે ભારત સાથે કરાર કર્યા.**

→ સંયુક્ત રાજ્ય અમેરિકા બાદ ભારત સાથે આ પ્રકારના કરાર કરનાર બીજો ક્વાડ પાર્ટનર જાપાન બન્યા.

→ કેન્દ્રીય ઈલેક્ટ્રોનિક્સ અને આઈટી મંત્રી અશ્વિની વૈષ્ણવ અને જાપાનના અર્થવ્યવસ્થા, વ્યાપાર અને ઉદ્યોગ મંત્રી યાસુતોશી નિશિમુરાએ હસ્તાક્ષર કર્યા.

→ લગભગ 100 સેમીકન્ડક્ટર નિર્માતા સંસ્થાઓ સાથે જાપાન દેશનું પાંચમું સેમીકન્ડક્ટર પારિસ્થિતિકી તંત્રવાળો દેશ છે.

**અજ દા વ્હીલ ટર્ન્સ પુસ્તક**

⇒ ભારતના પૂર્વ ઉપરાષ્ટ્રપતિ એમ.વેંકૈયા નાયડૂએ રણજીત પ્રતાપના સંસ્મરણો દરાવતી આ પુસ્તકનું વિમોચન કર્યું. જેઓ રાયલા કોર્પોરેશનના ડાયરેક્ટર (કાર્યકારી)હતા.

⇒ આ પુસ્તકમાં ઉદ્યોગની દુનિયામાં પ્રતાપની 50 વર્ષની યાત્રાનો સમાવેશ કરાયો છે.

⇒ પુસ્તકનું શિર્ષક જીવન અને વ્યવસાયની ચક્રીય પ્રકૃતિનું એક રૂપક છે.

⇒ રાયલા કોર્પોરેશને સ્થાપનાને 75 વર્ષ પુરાં કર્યાં છે

**(*) સંસ્કૃતિ મંત્રાલય અને ભારતીય નૌસેના વચ્ચે કરાર.**

⇒ આ કરારનો ઉદ્દેશ્ય 'જહાજ નિર્માણની પ્રાચીન સિલાઈ વાળી પ્રક્રિયાને પુનર્જીવિત કરવાનો છે.

⇒ આ પ્રક્રિયા 2000 વર્ષ જૂની છે. જેમાં સેના પર ભારતીય સેના સંપૂર્ણ રીતે દેખરેખ રાખી નવા જહાજોનું નિર્માણ કરશે.

⇒ આ પ્રકારના જહાજમાં લોખંડની ખીલીના સ્થાને લાકડાનો ઉપયોગ અલગ-અલગ ભાગને જોડવા માટે થાય છે.

⇒ આ જહાજ ખડકાળ અને રેતાળ સમુદ્ર તટ પર જહાજને થનાર ક્ષતિ સામે રક્ષણ આપે છે.

**(*) સુપ્રીમ કોર્ટે વકીલોને 'વરિષ્ઠ વકીલ' તરીકે નામિત કરવા દિશા નિર્દેશ જાહેર કર્યા.**

→ 'ભારતના સર્વોચ્ચ ન્યાયાલયે વરિષ્ઠ વકીલોને પદનામ માટે દિશાનિર્દેશ 2023' નામક નિયમો જાહેર કર્યા.

→ વરિષ્ઠ વકીલ પદનામ નિર્દેશનની સંશોધન માંગ ન્યાયમૂર્તિ અભય કે ઓકની અધ્યક્ષતાવાળી ત્રણ ન્યાયધીશની પેનલે નવા દિશા નિર્દેશ આપ્યા.

→ નવા દિશા નિર્દેશો.

- વકીલ તરીકે 10 વર્ષ અથવા જિલ્લા કે સત્ર ન્યાયાધીશ તરીકે 10 વર્ષનો અનુભવ
- સમગ્ર પ્રેક્ટીસ સુપ્રીમ કોર્ટમાં થયેલી હોવી જોઈએ.
- 45 વર્ષની ઉંમર. (જો વરિષ્ઠ વકીલ પદનામ સમિતિ કે ભારતના મુખ્ય ન્યાયાધીશની ભલામણ હોય તો ઉંમરમાં છૂટછાટ મળશે.)

એક એપ બધી પરીક્ષાઓ
સરકારી નોકરી ની તૈયારી કરો
RFO | TAT | TET | HTAT
ગુજરાતની નં. 1 એપ સાથે
CRACK GPSC
UPSC - GPSC - PI - PSI - Dy.SO/મામલતદાર - બિનસચિવાલય કલર્ક - તલાટી - કોન્સ્ટેબલ
76000 51070

## ★ 'એક જિલ્લા એક ઉત્પાદ' દિવસ - ગુજરાતમાં શુભારંભ

⇒ વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના ઉદ્યોગ અને આંતરિક વ્યાપાર સંવર્ધન વિભાગ (DPIIT) એ એક જિલ્લા એક ઉત્પાદ (ODOP) કાર્યક્રમનો દિલ્હી ખાતે ગુજરાત સરકારના સહયોગથી શુભારંભ કર્યો.

⇒ આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય રાજ્યના સ્વદેશી શિલ્પ અને કારીગરોની પ્રગતિ કરવાનો છે.

⇒ ODOPમાં ગુજરાતના 68 વિશિષ્ટ ઉત્પાદનોનો સમાવેશ કરાશે જેમાં ગામથી બ્લોક પ્રિન્ટ, માતાની પછેડી, મગફળી, જીરા જેવા પાકનો સમાવેશ થશે.

⇒ આ સમજૂતીથી ગુજરાતના ઉત્પાદનોને ટેગિંગ મળતા રાષ્ટ્રીય સ્તરે તેનું વેચાણ વધતા આર્થિક લાભો મળશે.

⇒ આ ઉપરાંત સુજની, જામનગરની બાંધણી, પાટણના પટોળાને GeM (e-Marketplace) પર પણ લવાશે.

Current Affairs By C.H.Shingala

## ★ પાઈ approximation દિવસ - 22 જુલાઈ

⇒ π જે એક ગાણિતિક સ્થિરાંક છે તેની નજીકની મૂલ્ય $\frac{22}{7}$ (અર્થાત 22 તારીખ, 7મો મહિનો) હોવાથી (Pi approximation Day - 22 જુલાઈએ મનાવાય છે.

⇒ ગણિતજ્ઞ લિયોનહાર્ડ યૂલર 1706માં π નું પ્રતીક ડિઝાઈન કર્યું હતું.

⇒ Pi દિવસ - 14 માર્ચ (3.14).

⇒ Pi એ અસંમેય સંખ્યા છે જે વર્તુળના પરિઘ અને વ્યાસનો ગુણોત્તર દર્શાવે છે.

⇒ Pi નું મૂલ્ય પૂર્ણ નથી થતું કે ક્યારેય પુનરાવર્તિત નથી થતું.

# [*] 24 જુલાઈ - 2023 [*]

[*] કાકતીય યુગની રામાયણ ફ્રેસ્કો રુદ્રગિરી પર્વત પરથી મળી આવી.

⇒ મધ્યપાષાણ યુગની પ્રાગૈતિહાસિક શૈલ ચિત્ર અને કાકતીય રાજવંશની ઉત્કૃષ્ટ કલાકૃતિઓ રુદ્રગિરિ પર્વત પરથી મળી આવી.

⇒ અહિં પ્રાપ્ત થયેલા ચિત્રોમાં વાનર ભાઈઓ વાલી અને સુગ્રીવના ભયંકર યુદ્ધને તથા રામ, સુગ્રીવ પાછળ રહીને વાલી પર તીર મારતા દર્શાવાયા છે.

⇒ મધ્ય ગુફામાં શંખ અને અગ્નિવેદી સાથે હનુમાનજી-નું પ્રતીક છે જેમાં તેના જમણા હાથમાં સંજીવની પર્વત છે.

⇒ રુદ્રગિરિ પર્વત આંધ્રપ્રદેશના ઓરવાકલ્લુ ગામમાં સ્થિત છે. કાકતીય વંશના મુખ્ય વ્યક્તિ ગણપતિ દેવ મહારાજે (ઇ.સ. 1199-1262) રુદ્રગિરિમાંથી પ્રાપ્ત પ્રાચીન ભીંતચિત્રોનું રક્ષણ કર્યું હતું.

## ⊙ કાકતીય રાજવંશ ⊙

→ દક્ષિણ ભારતનો રાજવંશ, જેણે 12-14મી સદીમાં પૂર્વના દખ્ખણમાં શાસન કર્યું.

→ રાજધાની વારંગલ

→ રુદ્રદેવ પ્રથમ - વારંગલનો પ્રથમ સ્વતંત્ર શાસક.

સરકારી નોકરીની તૈયારી માટે
76000 51070
ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ
CRACK GPSC
• અનુભવી અને સફળ ફેકલ્ટીઝ સાથે ઓછા સમયમાં સચોટ તૈયારી એટલે Crack GPSC

**[*] નિકાસ મૂલ્યના આધારે વિશ્વ ખાદ્યાન બજારમાં ભારતની 2022માં 7.79% હિસ્સેદારી.**

⇒ પાછલા વર્ષોમાં ખાદ્યાન નિકાસમાં ભારતે કરેલી પ્રગતિ 2022માં 7.79% રહી. જે 2010માં માત્ર 3.38% હતી.

⇒ અપીડા અંતર્ગત ચોખા અને પોષક અનાજ માટે નિકાસ સંવર્ધન મંચ સ્થાપિત કરાયું છે જે ખાદ્યાન સહિત કૃષિ ઉત્પાદનોની નિકાસ માટે વિવિધ પગલાઓ ભરે છે.

⇒ ભારત મુખ્યત્વે સંયુક્ત રાજ્ય અમેરિકા, ચીન, બાંગ્લાદેશ, UAE, વિયેતનામમાં કૃષિ ઉત્પાદનની નિકાસ કરે છે જેમાં સમુદ્રી ખોરાક, ખાંડ, બાસમતી ચોખા, મસાલાના સમાવેશ થાય છે

**[*] રાષ્ટ્રીય પ્રસારણ દિવસ - 23 જુલાઈ**

Current Affairs By C.H.Shingala GPSC

⇒ 22 જુલાઈ, 1927 એ ભારતીય પ્રસારણ કંપનીએ બોમ્બે સ્ટેશનથી પ્રથમવાર રેડિયો પ્રસારણ શરૂ કર્યું હતું.

⇒ 8 જૂન, 1936 એ ભારતીય રાજ્ય પ્રસારણ સેવા ઓલ ઈન્ડિયા રેડિયો (IER) બન્યું.

⇒ આકાશવાણી નામ 1956માં રાષ્ટ્રીય પ્રસારક માટે અપનાવાયુ હતું. વિવિધ ભારતી સેવા 1957માં શરૂ થઈ હતી.

## [*] 5મું હેલીકોપ્ટર અને લઘુ વિમાન શિખર સંમેલન

→ નાગરિક ઉડ્ડયન મંત્રાલય, મધ્યપ્રદેશ, પવનહંસ લિમિટેડ અને ફેડરેશન ઓફ ઈન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (ફિક્કી) એ સંયુક્ત રીતે આ કાર્યક્રમ આયોજિત કર્યો.

→ MPના CM શિવરાજસિંહ ચૌહાણ અને કેન્દ્રીય ઉડ્ડયન મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ સંમેલનનું ઉદ્ઘાટન કર્યું.

→ શિખર સંમેલનનો ઉદ્દેશ્ય સુદૂર અને પહાડી વિસ્તારમાં ઉડાન (UDAN) યોજના પહોંચાડવાનો છે.

→ શિખર સંમેલનનો વિષય- 'અંતિમ માઈલ સુધી પહોંચવું: હેલીકોપ્ટર અને નાના વિમાનોના માધ્યમથી ક્ષેત્રીય કનેક્ટીવીટી'.

## [*] સેમીકોન ઈન્ડિયા-2023 ગાંધીનગર ખાતે

⇒ ઉદ્યોગ અને ઉદ્યોગ સંઘની ભાગીદારીમાં ભારત સેમીકન્ડક્ટર મિશન 'સેમીકોન ઈન્ડિયા-2023' નું આયોજન ગાંધીનગર ખાતે થશે. આ 2023માં આયોજિત થનાર ત્રણ આવૃત્તિ છે.

⇒ આ આયોજનનો ઉદ્દેશ્ય સેમીકન્ડક્ટરના નિર્માણ બાબતે જાગૃતતા લાવવાનો તથા આ ક્ષેત્ર થઈ રહેલી પ્રગતિ બાબતે જાણકારી આપવાનો છે.

⇒ પ્રદર્શનનું આયોજન ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા ઉદ્ઘાટીત થશે.

Current Affairs By ... Shingala

[*] ગુજરાત સરકાર સેમીકન્ડક્ટર નીતિ 2022-2027 જાહેર કરી.

⇒ ઘરેલું સેમીકન્ડક્ટરના નિર્માણમાં વિકાસ લાવવા ગુજરાત રાજ્યએ દર્શાવેલી પ્રતિબદ્ધતાના આધારે આ પ્રકારની નીતિ જાહેર કરનાર ગુજરાત ભારતનું પ્રથમ રાજ્ય બન્યું.

⇒ ગુજરાત સરકારે IT/ITES નીતિ પણ અમલમાં મૂકી છે.

⇒ PM મોદીની USA યાત્રા દરમિયાન ભારતમાં માઈક્રોન ટેકનોલોજીએ અત્યાધુનિક અર્ધવાહક એસેમ્બલી, ટેસ્ટિંગ, માર્કિંગ અને પેકેજિંગ (ATMP) સુવિધાની સ્થાપનાની જાહેરાત કરી છે.

⇒ માઈક્રોન ટેકનોલોજી અને ગુજરાત સરકાર વચ્ચે આ માટે કરારો થયા છે. જે માટે સાણંદ ખાતે પ્લાન્ટ સ્થાપવામાં આવશે.

---

## ⊙ કરન્ટ ઈન શૉર્ટ ⊙

[*] 2022-23માં બેંકોએ 2.09 લાખ કરોડની બેડ લોન માફ કરી.

[*] ભારતીય શટલર સાત્વિક અને ચિરાગ કોરિયા ઓપનમાં પુરુષ યુગલ -2023માં જીત મેળવી.

[*] સ્પેનની ચૂંટણી કન્ઝર્વેટિવ પોપ્યુલર પાર્ટીએ જીતી.

[*] કેન્દ્રીય મંત્રી ગજેન્દ્ર સિંહે આપત્તિ નિવારણ યોજનાના નિયમાવલી જાહેર કરી.

[*] ઓડિશા કેબિનેટે 1 લાખ રૂ. સુધીની વ્યાજમુક્ત ફસલ લોન 'વ્યાજ સબસિડી અનુદાન યોજના' શરૂ કરી

[*] ઝારખંડ રાજ્યએ 2070 સુધીમાં નેટ-શૂન્ય લક્ષ્ય મેળવવા દસ્તાવેજ તૈયાર કર્યો. જેમાં સમાવિષ્ટ આઠ ક્ષેત્રો.

| | | |
|---|---|---|
| • રોજગાર | • સતત વિકાસ | • સંસ્થાગત બાબત |
| • ડીકાર્બનાઈઝેશન | • ઊર્જા પરિવર્તન | • રોકાણ અને નાણું. |
| • કોલસા પરિવર્તન | • ગ્રીન હાઉસ મિશન | |

# ✳ 25 જુલાઈ - 2023 ✳

## ✳ મેગા વૃક્ષારોપણ અભિયાન - ઉત્તર પ્રદેશ સરકાર

⇒ ઉત્તર પ્રદેશ સરકારે 35 કરોડ થી વધુ વૃક્ષો લગાવવાના લક્ષ્ય સાથે મેગા વૃક્ષારોપણ અભિયાન શરૂ કર્યું.

⇒ આ અભિયાનનો વિષય :- 'વૃક્ષ લગાવો, વૃક્ષ બચાવો'!

⇒ મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે બિજનૌરના વિદુર કુટી આશ્રમથી વૃક્ષારોપણની શરૂઆત કરી. જ્યારે મથુરા ખાતેથી રાજ્યપાલ આનંદીપટેલે વૃક્ષારોપણ કર્યું.

## ✳ એડમિરલ લિસા ફ્રેન્ચેટી અમેરિકી સેનાનું નેતૃત્વ કરનાર પ્રથમ મહિલા બન્યા.

⇒ 1985માં તેઓ અમેરિકી નૌસેનામાં જોડાયા હતા અને વર્તમાનમાં નૌસેના સંચાલનના ઉપપ્રમુખ તરીકે કાર્યરત છે.

⇒ તેઓએ અમેરિકી નૌસેના દક્ષિણ કોરિયાના કમાંડર તરીકે પણ કાર્ય કર્યું છે.

⇒ તેઓ સંયુક્ત રાજ્ય અમેરિકાની નૌસેનામાં ચાર સિતારા એડમિરલ પદ મેળવનાર બીજી મહિલા છે.

Current Affairs By C.H.Shingala

## ✳ બોમ્બે HC એ ગોવા સરકારને મ્હાદેઈ વન્યજીવ અભયારણ્યને વાઘ રિઝર્વ જાહેર કરવા નિર્દેશ કર્યો.

⇒ બોમ્બે HCની ગોવા પીઠે ગોવા સરકારને ત્રણ માસમાં વાઘ રિઝર્વ જાહેર કરવા નિર્દેશ કર્યો.

⇒ ન્યાયમૂર્તિ એમ. એસ. સોનક અને ભરત દેશપાંડેની ખંડપીઠે ગોવા ફાઉન્ડેશન દ્વારા કરાયેલ જનહિત યાચિકા (PIL) પર સુનાવણીમાં આ આદેશ આપ્યા.

### ⊙ મ્હાદેઈ અભયારણ્ય ⊙

→ ગોવાના સત્તારી તાલુકામાં સ્થિત.

→ નિયંત્રણ - ગોવા રાજ્ય વન વિભાગ.

→ 1999માં અભયારણ્ય જાહેર

→ બંગાળ ટાઈગર જોવા મળે છે.

હાલ ભારતમાં વાઘની સંખ્યા

**3167** 2023ની ગણતરી મુજબ

**[*] રશિયાએ લિંગ પરિવર્તન અને ટ્રાન્સજેન્ડર વિવાહ પર પ્રતિબંધ મૂક્યો.**

⇒ રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતીને એક વિધેયક પર હસ્તાક્ષર કરી આ પ્રતિબંધ મૂક્યો.

⇒ સંસદના બંને સદનોમાંથી આ વિધેયક પસાર કરવામાં આવ્યું જેમાં જન્મજાત વિસંગતતાના ઈલાજ માટે ચિકિત્સાના હસ્તક્ષેપને અપવાદ તરીકે લેવામાં આવ્યું છે.

⇒ આ વિધેયકથી ટ્રાન્સજેન્ડર લોકોને પાલક માતા-પિતા બનવાના અધિકાર પર પ્રતિબંધ લગાવે છે. તથા LGBT સંસ્કૃતિની કોઈ પણ જાહેર અભિવ્યક્તિને ગેરકાનૂની ઘોષિત કરાયું.

**[*] સુમિત નાગલે ટામ્પેરે ઓપન ખિતાબ જીત્યો.**

⇒ ભારતીય ટેનિસ ખેલાડી સુમિત નાગલે ચેક ગણરાજ્યના ડલિબાર સ્વેરસીનાને હરાવી ટામ્પેરે ઓપનમાં 44 મિનિટમાં 6-4, 7-5 થી જીત મેળવી.

Current Affairs By C.H.Sringala

⇒ આ તેમનો ચોથો ATP ચેલેન્જર અને વર્ષનો બીજો ખિતાબ છે. તેમણે એપ્રિલમાં રોમમાં ગાર્ડન ઓપન જીત્યો હતો.

⇒ ટામ્પેરે (ટેમ્પેયર) ઓપન ક્લે કોર્ટ (મેદાન)માં રમાતું ટેનિસ ટૂર્નામેન્ટ છે જે ફિનલેન્ડમાં રમવામાં આવે છે.

ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ

CRACK GPSC

UPSC - GPSC - PI - PSI - RFO

Dy. SO/મામ. | કલર્ક | તલાટી | કોન્સ્ટેબલ

RFO | TAT | TET | HTAT

## [*] દિલ્હીનું પ્રથમ 'RO વૉટર ATM'.

⇒ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે માયાપુરી ફેઝ-2માં દિલ્હીના પ્રથમ 'RO વૉટર ATM'નું ઉદ્ઘાટન કર્યું.

⇒ હાલ દિલ્હી સરકારે પાયલટ પ્રોજેક્ટ તરીકે ચાર સ્થળોએ આ ATM સ્થાપિત કર્યાં છે જે આવનારા સમયમાં શહેરના વિવિધ વિસ્તારમાં 500થી વધુ સ્થળોએ સ્થાપિત થશે.

⇒ વૉટર ATM કાર્ડની મદદથી કાર્ડધારક પ્રતિદિન 20 લિટર રિવર્સ ઑસ્મોસિસ (RO) પ્રક્રિયાથી શુદ્ધ કરેલ પીવાલાયક પાણી મેળવી શકશે.

⇒ દૈનિક ક્વોટા પૂર્ણ થયા બાદ રૂ.1.60 પ્રતિ 20 લીટરના દરે પાણી મેળવી શકાશે.

⇒ આ સુવિધાથી પાઈપલાઈન મારફતે અપ્રાપ્ય પીવાલાયક પાણીવાળા વિસ્તારોને ટેન્કર પર નિર્ભર રહેવું પડશે નહિ.

Current Affairs By C.H.Shingala
Crack GPSC

## [*] ટ્વિટરે નવો લોગો લૉન્ચ કર્યો.

⇒ અમેરિકી સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્વિટરે તેની વેબસાઈટથી બ્લૂબર્ડ હટાવી નવો લોગો જેમાં કાળા રંગની પૃષ્ઠભૂમિ પર સફેદ X લૉન્ચ કર્યો.

⇒ નવા લોગોનું અનાવરણ ટ્વિટરના માલિક એલન મસ્ક અને મુખ્ય કાર્યકારી અધિકારી લિંડા યાકારિનોએ કર્યું.



ટ્વિટરનો નવો લોગો.

⇒ વર્ષ 2022માં એલન મસ્કે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્વિટરને 44 અરબ ડૉલરમાં ખરીદ્યું હતું.

⇒ ટ્વિટરનું મુખ્યાલય- સેન ફ્રાન્સિસ્કો, કેલિફોર્નિયા, USA.

⇒ સ્થાપના- 2006. જેક ડોર્સી, નોઆ ગ્લાસ બિઝ સ્ટોન અને ઈવાન વિલિયમ્સ.

## [*] 26 જુલાઈ-2023 [*]

### [*] NASA નું સબઓર્બિટલ વિમાન એક્સ-59

⇒ NASA સબઓર્બિટલ વિમાન એક્સ-59નું પરીક્ષણ કરશે. જો આ પરીક્ષણ સફળ રહેશે તો પૃથ્વીના એક છેડેથી બીજા છેડે માત્ર-2 કલાકમાં પહોંચી શકાશે.

**• એક્સ-59ની વિશેષતા •**

⇒ એક્સ-59 જેફ બેઝોસના બ્લૂ ઓરિજિન અને રિચર્ડ બ્રેન્સનના વર્જિન ગેલેક્ટિક જેટ પ્રોગ્રામના રોકેટ જેવું છે.

⇒ ઝડપ - 5632 km પ્રતિ કલાક

⇒ સાયલેન્ટ સુપર સોનિક ટેકનોલોજી.

⇒ સિંગલ સીટર વિમાન, લંબાઈ- 100 ફૂટ.

### [*] આંતરરાષ્ટ્રીય કન્વેન્શન સેન્ટર- નવી દિલ્હી.

Current Affairs By C.N. Shingala

⇒ ભારતમાં વિશ્વસ્તરીય પ્રદર્શન અને વ્યાપારી ગતિવિધિઓ માટેનું નવું આંતરરાષ્ટ્રીય કન્વેન્શન સેન્ટરનું પ્રગતિ મેદાન, નવી દિલ્હી ખાતેથી વડાપ્રધાન મોદી લોકાર્પણ કરશે.

**⊙ કન્વેન્શન સેન્ટરની વિશેષતાઓ ⊙**

→ વિશ્વના 10 વિશાળ સંમેલન સંકુલ (ફ્રેન્કફર્ટ અને શાંઘાઈ જેવા)માંનું એક.

→ 7 પ્રદર્શન હોલ અને 3 એમ્ફિથિયેટર

→ 5500 + વાહન પાર્કિંગ, 5-સ્ટાર હોટલથી નજીક.

→ સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ તથા કારીગરો માટેનો વૈશ્વિક મંચ.

→ 10G ઈન્ટ્રાનેટ બેન્ડવિથ યુક્ત 5G ઈન્ટરનેટ.

## (*) કારગિલ વિજય દિવસ- 26 જુલાઈ

=> 1999માં કારગિલ યુદ્ધમાં ભારતે 26 જુલાઈએ પાકિસ્તાનને હરાવ્યું હતું. જો કે આ સંઘર્ષમાં 527 ભારતીય સૈનિકો શહિદ થયા હતા.

=> LOC પાર કરી પાકિસ્તાને ભારતની જમીન કબજે કરવા પ્રયત્નો કર્યા જેમાં કારગિલ અને દ્રાસમાં પાકિસ્તાને તોપમારો કર્યો.

=> 66 દિવસ ચાલેલા આ યુદ્ધમાં બિહાર રેજિમેન્ટના સૈનિકે પ્રથમ બલીદાન આપ્યું. અને પરમવિરચક્ર સન્માનિત વિક્રમ બત્રા આ યુદ્ધના હિરો હતા.

=> ભારત તરફથી એરફોર્સની હેલિકોપ્ટર મહિલા પાયલટ ગુંજન સક્સેનાએ સૌ પ્રથમવાર કારગિલ યુદ્ધમાં ભાગ લીધો હતો.

Current Affairs By C.H.Shrimala

## (*) ગુજરાતનું પ્રથમ ગ્રીનફિલ્ડ એરપોર્ટ- હીરાસર- રાજકોટ.

=> પ્રધાનમંત્રી મોદી રાજકોટ ખાતે એરપોર્ટનું ઉદ્ઘાટન કરશે.

=> 1500 એકરમાં બનેલ આ એરપોર્ટને 'રાજકોટ આંતરરાષ્ટ્રીય હવાઈમથક' નામ અપાયું છે.

=> આ એરપોર્ટ પર એક સાથે 14 વિમાન પાર્ક કરવાની સુવિધા ઉપલબ્ધ છે. તથા પ્રતિકલાક 1200થી વધુ યાત્રીઓનું સંચાલન થઈ શકશે.

=> ગ્રીનફિલ્ડ હવાઈમથક સૌર ઊર્જા સંચાલિત, ગ્રીન બિલ્ડ અને વર્ષા જલ સંચયન પ્રણાલીથી સુસજ્જ હશે.

એક એપ બધી પરીક્ષાઓ
સરકારી નોકરી ની તૈયારી કરો
RFO | TAT | TET | HTAT
ગુજરાતની નં. 1 એપ સાથે
CRACK GPSC
UPSC - GPSC - PI - PSI - Dy.SO/મામલતદાર - બિનસચિવાલય કલર્ક - તલાટી - કોન્સ્ટેબલ
76000 51070

**[*] આયકર દિવસ (Income Tax Day) - 24 જુલાઈ.**

⇒ દર વર્ષે 24 જુલાઈએ આ દિવસ લોકોમાં Tax બાબતે જાગૃતતા લાવવાના ઉદ્દેશ્યથી અને રાષ્ટ્રના વિકાસમાં Tax થકી સહયોગ આપવા પ્રોત્સાહિત કરવા મનાવાય છે.

⇒ 2023માં 164મો આયકર દિવસ નાણામંત્રી નિર્મલા સીતારમણે નવી દિલ્હી ખાતે ઉજવ્યો.

⇒ 24 જુલાઈ, 1860એ સર જેમ્સ વિલ્સને 1857ના સંગ્રામમાં બ્રિટિશ સરકારને થયેલ નુકશાન ભરપાઈ કરવા આ દિવસની શરૂઆત કરી હતી. જેને 2010માં આવકવેરા વિભાગ દર વર્ષે ઉજવવાનો નિર્ણય કર્યો.

→ આવકવેરા વિભાગ નાણા મંત્રાલયના રાજસ્વ વિભાગ હેઠળ CBDT અંતરગત કામ કરે છે.

⊙ CBDT ⊙

→ કેન્દ્રીય રાજસ્વ અધિનિયમ, 1963 હેઠળ વૈધાનિક સંસ્થા છે. મુખ્યાલય - નવી દિલ્હી.

→ વર્તમાન ચેરમેન - નિતિન ગુપ્તા.

GPSC Current Affairs By C.H.Shingala

**[*] શાહરૂખ ખાન ICC વિશ્વ કપ 2023ના બ્રાન્ડ એમ્બેસેડર**

⇒ ICC વિશ્વકપ અભિયાન 2023 'ઈટ ટેક્સ વન ડે' હેઠળ શાહરૂખ ખાનને બ્રાન્ડ એમ્બેસડર નિયુક્ત કર્યા.

⇒ બ્રાન્ડીંગ માટેનો વિડિયો મેટાએ બનાવ્યો છે.

⇒ ભારતમાં 5 ઓક્ટોબરથી 19 નવેમ્બર, 2023 સુધી વર્લ્ડકપ આયોજિત થશે.

⇒ આયોજન સ્થળ - અમદાવાદ નરેન્દ્ર મોદી સ્ટેડિયમ


(*) કુરનુલ ખાતે ભગવાન શ્રીરામની 108 ફૂટની પ્રતિમાની આધારશિલા રખાઈ.

⇒ આંધ્રપ્રદેશના કુરનુલમાં મંત્રાલયમ ગામ ખાતે 500 કરોડના ખર્ચે આ પ્રતિમા બનશે.

⇒ આ પ્રતિમાં સમગ્ર વિશ્વને સનાતન ધર્મનો સંદેશ આપવાના ઉદ્દેશ્યથી સ્થાપિત કરાશે. તથા આ સાથે દેશ-દુનિયામાં વૈષ્ણવ પરંપરાને મજબૂત કરાશે.

⇒ આ યોજના મંત્રાલયમ ગામમાં તુંગભદ્રા નદીના કિનારે 10 એકરમાં ફેલાયેલી છે.

⇒ મંત્રાલયમ ગામ રાઘવેન્દ્ર સ્વામી મંદિરના માટે પ્રખ્યાત છે.

# કરન્ટ અફેર્સ

Daily કરન્ટ અફેર્સ PDF આપને ટેલિગ્રામ ચેનલમાં મળશે.

/CrackGPSCapp

એપ્લિકેશનમાં Current Affairs વિભાગમાં આપને મળશે ...

- Monthly મેગેઝિન
- કરન્ટ શતક
- પ્રેક્ટિસ
- MCQ PDF
- One-Liner PDF
- Important Articles

## Current Affairs મોક ટેસ્ટ વિભાગ

જેમાં GPSC Class 1, 2 અને 3 - તમામ લેવલની મોક ટેસ્ટ આજની પરીક્ષા પદ્ધતિ મુજબ લેવામાં આવે છે. તો ચોક્કસ MOCK TEST નો લાભ લો.

# [*] 27 જુલાઈ - 2023 [*]

## [*] લોકસભામાં જૈવ વિવિધતા સંશોધન વિધેયક પસાર કરાયું.

⇒ જૈવિક વિવિધતા (સંશોધન) વિધેયક, 2021 લોકસભામાં પસાર કરાયું. જે 2002ના વિધેયકમાં ફેરફાર કરી બનાવાયું છે.

⇒ વિધેયકમાં ઔષધી નિર્માણ કંપનીઓને લગતા નિયમોમાં ફેરફાર કરવામાં આવ્યો છે. અને અમુક બાબતોને ગુનાની વ્યાખ્યામાંથી હટાવાઈ છે.

## [*] શિરીષ કણેકર.

⇒ અનુભવી પત્રકાર, લેખક, સ્તંભલેખક શિરીષ કણેકરનું નિધન થયું.

⇒ તેમણે મરાઠી અને અંગ્રેજી ભાષાના પ્રકાશનોમાં કાર્ય કર્યું છે અને તેઓ લોકસત્તા, ઈન્ડિયન એક્સપ્રેસ, સામના અને ફ્રી પ્રેસમાં લેખક તરીકે કામ કર્યું છે.

⇒ તેમનો વાર્તા સંગ્રહ 'લાગાવ બત્તી' સર્વશ્રેષ્ઠ હાસ્ય સંગ્રહથી મહારાષ્ટ્ર સાહિત્ય પરિષદ પુરસ્કારથી સન્માનિત થયો છે.

Current Affairs By C.H.Sadhiyagala GPSC

## [*] અકીરા રેન્સમવેર-વાયરસ

⇒ ઈન્ડીયન કમ્પ્યુટર ઈમરજન્સી રિસ્પોન્સ ટીમ (CERT-In) એ ઈન્ટરનેટ યુઝર માટે અકીરા રેન્સમવેર માટે સભાન કર્યા છે.

⇒ આ રેન્સમવેર વ્યક્તિની માહિતીની ચોરી કરી ખંડણી માંગે છે અને જો તેમ ન થાય તો માહિતીને ડાર્કવેબમાં લીક કરે છે.

⇒ આ રેન્સમવેર VPN, AnyDesk, વિનરેર, પીસી હંટર જેવી એપના માધ્યમથી પ્રવેશ્યો છે.

[•રેન્સમવેર•] → એક કમ્પ્યુટર માલવેર છે જે ડેટાને એન્ક્રિપ્ટ કરે છે. અને ડિક્રિપ્ટ કરવા ખંડણીની માંગ કરાય છે.

**[*] NCRBના આંકડાઓ મુજબ ૨૦૨૧માં મધ્યપ્રદેશ અનુસૂચિત જાતિ (SC) વિરુદ્ધ સૌથી વધુ કેસ દાખલ થનાર રાજ્ય.**

⇒ મધ્યપ્રદેશમાં ૨૦૨૦માં અનુસૂચિત જાતિ વિરુદ્ધના અપરાધોમાં ટોચ પર રહી જેથી NCRBના ૨૦૨૧ના રિપોર્ટમાં તે પ્રથમ રાજ્ય બન્યું.

⇒ અનુસૂચિત જાતિ વિરુદ્ધના અપરાધનો દર પ્રતિ 1,00,000 અનુસૂચિત જાતિ જનસંખ્યા પર અપરાધની સંખ્યા તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે.

⇒ ભારતમાં SC/ST અત્યાચાર નિવારણ અધિનિયમ હેઠળ 45,610 કેસ નોંધાયા જેમાંથી 7211 મધ્યપ્રદેશના છે.

⇒ આ યાદીમાં <u>રાજસ્થાન-બીજા સ્થાને</u> છે.

**[*] વાંગ યી ને ચીનના વિદેશમંત્રી નિયુક્ત કરાયા.**

⇒ ચીની નેતા શી જિનપિંગે વિદેશમંત્રી કિન ગેંગને સાત માસના કાર્યકાળ બાદ દૂર કરી વાંગ યી ને વિદેશમંત્રી બનાવ્યા.

⇒ વાંગ યી 2013-2022 દરમિયાન વિદેશમંત્રી હતા અને તેઓ જાપાની ભાષાના જાણકાર છે.

⇒ કિન ગેંગ છેલ્લા ઘણાં સમયથી લાપતા હોવાનું કારણ આપી તેમને પદ પરથી હટાવાયા છે.

**[*] સંસદે સંવિધાન (ST) આદેશ-5મું સંશોધન વિધેયક પસાર કર્યું.**

⇒ છત્તીસગઢના ધનુહર, ધનુવાર, કિસાન, સૌંરા, સૌનરા અને બિંઝિયા સમુદાયને અનુસૂચિત જનજાતિમાં જોડવા આ વિધેયક લવાયું હતું.

⇒ વિધેયકમાં ભૂઈયાં, ભૂયાં સમુદાયને ભરિયા ભૂમિયા સમુદાયના પર્યાય તરીકે સમાવાયા.

⇒ છત્તીસગઢની જનજાતિઓ- ઓરાવ, કેંવર, મુંડા, નગેશિયા, કોરવા, ભુઈયા, ભૂમિયા.

⇒ અનુ. 342(2) -સંસદને અનુ. જાતિ અને જનજાતિમાં ફેરફારની સત્તા આપે છે.

# * 28 જુલાઈ - 2023 *

## [*] ભારતની સ્વદેશી LRSAM મિસાઈલ.

⇒ રક્ષા ક્ષેત્રમાં આત્મનિર્ભર બનવા માટે ભારત ત્રણ સ્તરીય લાંબી રેન્જની સપાટીથી હવાની મારક ક્ષમતા ધરાવતી LRSAM મિસાઈલ વિકસિત કરશે.

⇒ આ મિસાઈલની મારક ક્ષમતા 400 km સુધીની હશે. અને આ સાથે રશિયા પાસેથી ખરીદેલી S-400 વાયુ રક્ષા પ્રણાલી સમકક્ષ આ સ્વદેશી મિસાઈલ તૈયાર થશે.

⇒ LRSAM - Long Range Surface to Air Missile.

## [*] ફિલિપાઈન્સમાં તબાહી મચાવનાર ટાઈફૂન - ડોક્સુરી

⇒ ટાઈફૂન ડોક્સુરી ઉત્તર ફિલિપાઈન્સમાં તબાહી મચાવ્યા બાદ ચીન તરફ આગળ વધી રહ્યું છે.

⇒ ડોક્સુરીને ફિલિપાઈન્સમાં સુપર ટાઈફૂન ઈગોના નામે ઓળખવામાં આવે છે.

⇒ ડોક્સુરી નામ દક્ષિણ કોરિયાએ આપ્યું છે જેનો કોરિયાઈ ભાષામાં અર્થ 'ઈગલ' થાય છે.

## [*] કારગિલ ખાતે પ્રથમ મહિલા પોલીસ સ્ટેશન શરૂ થયું.

⇒ લદ્દાખના કારગિલ ખાતે લદ્દાખના પોલીસ અધિક્ષક એસડી સિંહ જમવાલે આ પોલીસ સ્ટેશનનું ઉદ્ઘાટન કર્યું.

⇒ આ સ્ટેશન સામાન્ય રીતે મહિલાઓ વિરુદ્ધના ગુનાઓ પર વિશેષ ધ્યાન આપશે.

⇒ આ સ્ટેશન ચુનૌતીપૂર્ણ સ્થિતિમાં કામ કરનાર મહિલાઓ માટે સલાહ કેન્દ્ર તરીકે પણ કાર્ય કરશે.

Current Affairs By CH Singala GPSC

[*] ભાજપાના એસ ફાંગનોન કોન્યાક રાજ્યસભાની અધ્યક્ષતા કરનાર નાગાલેન્ડના પ્રથમ મહિલા સાંસદ બન્યા.

⇒ કોન્યાક રાજ્યસભાના ઉપાધ્યક્ષની પેનલમાં નિયુક્ત થયા.

⇒ પૂર્વોત્તર રાજ્યના સાંસદ કે રાજ્ય વિધાનસભ્ય તરીકે પસંદ થયેલા પ્રથમ મહિલા બન્યા.

⇒ ઉપાધ્યક્ષ પેનલમાં અન્ય - 3 સદસ્યો - પીટી ઉષા, ફોઝિયા ખાન (NCP) અને સુલતા દેવ (BJD) ની નિયુક્તિ થઈ.

⇒ રાજ્યસભામાં પ્રથમવાર ઉપાધ્યક્ષ પેનલમાં મહિલા સદસ્યોને પ્રતિનિધિત્વ અપાયું છે.

⇒ પેનલના અન્ય સભ્યોમાં વિજયસાઈ રેડ્ડી, ઘનશ્યામ તિવારી, એલ હનુમંથૈયા અને સુખેંદુ શેખર રે છે.

[*] મેરા ગાંવ મેરી ધરોહર પહેલ

⇒ ગૃહમંત્રી અમિત શાહે આઝાદીના અમૃત મહોત્સવના ભાગ રૂપે સંસ્કૃતિ મંત્રાલય હેઠળ આ પહેલ શરૂ કરી.

⇒ કુતુબમિનાર ખાતેના ભવ્ય પ્રોજેક્શન મેપિંગ શો દરમિયાન આ પહેલ શરૂ કરી. જે ભારતના ગામડાંઓને વર્ચ્યુઅલી જોડશે.

⇒ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય 29 રાજ્ય અને 7 કે. પ્રદેશમાં ફેલાયેલા 6.5 લાખ ગામડાંઓને એક મંચ પર લાવી સાંસ્કૃતિક માનચિત્રણ કરવાનો છે.

Current Affairs By C.H.Shingala GPSC

## ✱ જેમ્સ સ્કેયા IPCCના અધ્યક્ષ બન્યા.

⇒ UKના જેમ્સ ફર્ગ્યુસન જિમ સ્કેયાને કેન્યાના નૈરોબીમાં જલવાયુ પરિવર્તનના આંતર સરકારી પેનલના અધ્યક્ષ નિયુક્ત કરાયા.

⇒ તેમણે તેમના પ્રતિસ્પર્ધી બ્રાઝીલના થેલ્મા ક્રુગને ૯૦-૬૯ થી હરાવ્યા.

⇒ IPCCમાં અધ્યક્ષ સહિત 34 સભ્યો હોય છે.

⊙ જલવાયુ પરિવર્તન આંતર સરકારી પેનલ ⊙

→ તે જલવાયુ પરિવર્તન સંબંધિત વિજ્ઞાનના આંકલનની UNની સંસ્થા છે.

→ વિશ્વ મોસમ વિજ્ઞાન સંગઠન અને સંયુક્ત રાષ્ટ્ર પર્યાવરણ કાર્યક્રમે 1988માં IPCCની સ્થાપના કરી હતી.

→ વડુમથક - જિનિવા, સ્વિટ્ઝરલેન્ડ.

## ✱ જન્મ અને મૃત્યુ નોંધણી (સંશોધન) વિધેયક, ૨023

⇒ જન્મ-મૃત્યુ નોંધણી (સંશોધન) વિધેયક, ૨023 લોકસભામાં રજૂ કરવામાં આવ્યું.

⇒ આ વિધેયક જન્મ નોંધણી માટે આધાર નંબરના ઉપયોગને અનિવાર્ય બનાવશે જેનાથી જન્મ અને મૃત્યુની નોંધણી સુવ્યવસ્થિત કરવામાં મદદ કરશે.

⇒ આ પ્રક્રિયા ડિજિટલ જન્મ પ્રમાણપત્ર બનાવવાની દિશામાં એક પગલું છે જેનાથી શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ, ડ્રાઇવિંગ લાયસન્સ માટેની અરજી તથા સરકારી નોકરી દરમિયાન જન્મના પુરાવા તરીકે ઉપયોગમાં લઈ શકાશે.

⇒ આ માહિતીનો ઉપયોગ રાષ્ટ્રીય જનસંખ્યા રજિસ્ટર (NPR)માં, રાશનકાર્ડમાં તથા સંપત્તિની નોંધણીના રેકોર્ડમાં પણ કરવામાં આવશે.

Current Affairs By C.H Shingala GPSC

* અશ્વમેધ દેવી - બિહાર સરકારે રાજ્ય મહિલા આયોગના અધ્યક્ષ નિયુક્ત કર્યા.

⇒ સમસ્તીપુર સંસદીય ક્ષેત્રના JDU ના પૂર્વ સાંસદ અશ્વમેધ દેવીની ત્રણ વર્ષ માટે નિમણૂક કરવામાં આવી.

⇒ બિહાર રાજ્ય મહિલા આયોગની રચના 1993માં થઈ હતી. જેનો ઉદ્દેશ્ય બિહારની મહિલાઓ સામેના ગુનાઓ બાબતે સમાધાન લાવવાનો હતો.

⇒ આ આયોગના અન્ય સભ્યો તરીકે પ્રો. ગીતા યાદવ, પ્રભાવતી માંઝી, ડો. સુજાતા સુરબુઈ, રાબિયા ખાતૂન, સુનીતા કુશવાહા, શ્વેતા વિશ્વાસ અને સુલેખના દેવીની પણ નિયુક્તિ કરવામાં આવી છે.

Current Affairs By C.H.Shingala



# [*] 29 જુલાઈ-2023 [*]

**[*] ભારતનું પ્રથમ મત્સ્યપાલનનું ઈન્ક્યુબેશન સેન્ટર કેરલ ખાતે સ્થાપિત થશે.**

⇒ નીતિ આયોગે મત્સ્ય પાલનમાં ભારતનું પ્રથમ અટલ ઈન્ક્યુબેશન સેંટર સ્થાપિત કરવા કેરળ યુનિવર્સિટી ઓફ ફિશરીઝ એન્ડ ઓશન સ્ટડીઝ સાથે કરાર કર્યા.

⇒ આ સેન્ટર મત્સ્ય પાલન ક્ષેત્રમાં નવીનતમ તકનીકીના પ્રચારનું કામ કરશે.

⇒ મત્સ્ય પ્રસંસ્કરણ પ્રૌદ્યોગિકી વિભાગના પ્રમુખ રાધીકા રાજશ્રી આ પ્રોજેક્ટનું નેતૃત્વ કરશે.

⇒ આ સેન્ટર યુવાઓને પારિસ્થિતિકી તંત્ર અને માછલી પકડનાર સમુદાયને વિવિધ ટેક્નોલોજી વિશેનું શિક્ષણ આપશે.

**[*] આદિત્ય સામંત ભારતના 83માં શતરંજ ગ્રાન્ડમાસ્ટર બન્યા.**

⇒ આદિત્ય મહારાષ્ટ્રના 17 વર્ષીય શતરંજના ખેલાડી છે. જેમણે આ ખિતાબ મેળવ્યો.

⇒ બીલ શતરંજ MTO 2023 ટૂર્નામેન્ટમાં તેમણે 9 રાઉન્ડમાં ભારતીય ખેલાડી આર્યન ચોપડા સામે જીત મેળવી.

⇒ ગ્રાન્ડ માસ્ટર (GM) બનવા ખેલાડીએ ત્રણ GM નોર્મ મેળવવા પડે છે તથા 2500 ઈલો પોઈન્ટ પ્રાપ્ત કરવા પડે છે.

⇒ આદિત્યએ પ્રથમ નોર્મ આબુધાબી અને બીજો ખેલ લોબ્રેગેટ ઓપનમાં મેળવ્યો હતો.

⇒ શતરંજમાં ખેલાડીની સાપેક્ષ કૌશલ્ય સ્તરની ગણના કરવા ઈલો રેટિંગ પ્રણાલીનો ઉપયોગ થાય છે.

Current Affairs By C.H.Shringala ©GPSC

**(*) કંબોડિયાના પ્રધાનમંત્રી હુન સેન ચાર દશક બાદ પદ છોડી તેના પુત્રને સત્તા સોંપશે.**

⇒ દુનિયામાં લાંબો સમય શાસન કરનારાઓમાંના એક હુન સેન ચાર દશક બાદ રાજીનામું આપી તેમના પુત્રને સત્તા સોંપશે.

⇒ તેમણે 1998માં પ્રધાનમંત્રી પદ મેળવ્યું અને કંબોડિયન પીપલ્સ પાર્ટી (CPP) માંથી જીત મેળવી.

⇒ પ્રધાનમંત્રી પદ છોડ્યા બાદ તેઓ સેનેટના અધ્યક્ષ બનશે અને વિદેશી બાબતોના વડા તરીકે કાર્ય કરશે.

⇒ તેમના સમયની મહત્વની ઘટનામાં વિપક્ષી નેતા કેમ સોખાને રાજદ્રોહ હેઠળ 27 વર્ષની થયેલી સજા છે. કંબોડિયા ઈન્ટરનેશનલ ભ્રષ્ટાચાર સૂચકાંકમાં 180 દેશોમાં 150માં સ્થાને છે.

⊙ કંબોડિયા ⊙

⇒ તે દક્ષિણ પૂર્વ એશિયાનો દેશ છે.

⇒ પાડોશી દેશો - થાઈલેન્ડ, લાઓસ, વિયેતનામ અને થાઈલેન્ડની ખાડી.

⇒ રાજધાની - ફ્નોમ પેન્હ શહેર.

Current Affairs By C.H.Shingala

**(*) શંકરી ચંદ્રનને માઈલ્સ ફ્રેંકલિન સાહિત્યિક પુરસ્કાર-2023**

⇒ શ્રીલંકાઈ મૂળના ઓસ્ટ્રેલિયાઈ લેખિકા શંકરી ચંદ્રનને તેમના પુસ્તક ચાઈ ટાઈમ એટ સિનામન ગાર્ડન્સ માટે આ પુરસ્કાર અપાયો.

⇒ આ પુસ્તક પરિવાર, સમુદાય અને તેની સાથે જોડાયેલ યાદો બતાવે છે. જે બહુસંસ્કૃતિવાદ સાથે ઓસ્ટ્રેલિયાના કઠિન અને જટિલ સમીકરણ પર પ્રકાશ પાડે છે.

⇒ આ પુરસ્કારની સ્થાપના માઈલ્સ ફ્રેંકલિનની વસિયત અનુસાર થઈ હતી જેઓ એક પ્રખ્યાત લેખિકા હતા.

## [*] પરીક્ષણ માટેનો રોબોટ - 'રોબોમૈપરો'

=> મૈટર જર્નલમાં પ્રકાશિત રિપોર્ટ અનુસાર વિજ્ઞાનીઓએ વિવિધ વસ્તુઓના પરીક્ષણ માટેનો રોબોટ વિકસાવ્યો.

=> આ રોબોટે 150 વિભિન્ન મિશ્રણોનું પરીક્ષણ કર્યું હતું. જે પારંપરિક પદ્ધતિ કરતાં 10 ગણું ઝડપી હતું.

=> રોબોમૈપર સૌર કોશિકાઓમાં ઉપયોગ થનાર પેરોવસ્કાઈટ સામગ્રી કે જે સિલિકોનની સાપેક્ષ વધુ સારી રીતે સૂર્યપ્રકાશને શોષે છે તેનું પણ પરીક્ષણ કર્યું.

## [*] સિનેમેટોગ્રાફ (સંશોધન) વિધેયક રાજ્યસભામાં પસાર થયું.

=> આ વિધેયક 1952ના વિધેયકનું સંશોધિત આવૃત્તિ છે. ફિલ્મ જેમાં પ્રદર્શન માટે ફિલ્મને પ્રમાણિત કરવા માટે ફિલ્મ પ્રમાણપત્ર બોર્ડની રચના કરવામાં આવી છે.

=> <u>નિયમો</u>:

① કોઈ પણ પ્રતિબંધ વિના (યૂ)

② કોઈ પ્રતિબંધ વિના, પરંતુ 12 વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે માતાપિતાના માર્ગદર્શનને આધીન (યૂએ)

③ માત્ર વયસ્કો માટે. (એ)

④ માત્ર કોઈ નિશ્ચિત સભ્ય કે વ્યક્તિના વર્ગ માટે (એસ)

=> વિધેયક અનુસાર 'એ' અને 'એસ' શ્રેણીના પ્રસારણ માટે વિશેષ પ્રમાણપત્ર આવશ્યક બનશે.

=> બિલમાં અનધિકૃત રેકોર્ડિંગ તથા પ્રદર્શન પર પ્રતિબંધ મુકાયો છે તથા અનધિકૃત રેકોર્ડિંગનો પ્રયાસ પણ અપરાધ ગણાવામાં આવ્યો છે.

=> ગુનાની સજામાં ત્રણ માસથી ત્રણ વર્ષ સુધીની કેદ અને ત્રણ લાખ રૂ. સુધીના દંડની જોગવાઈ કરવામાં આવી છે.

Current Affairs By C.R.Shingala

# [*] 30 જુલાઈ - 2023 [*]

**[*] ઓડિશાના CM નવીન પટનાયક 23 વર્ષ સુધી મુખ્યમંત્રી રહેનાર બીજા નંબરના મુખ્યમંત્રી બન્યા.**

⇒ પટનાયક 2000ની સાલથી ઓડિશાના મુખ્યમંત્રી છે અને તેમણે 23 વર્ષ, 140 દિવસ પૂર્ણ કર્યા.

⇒ પટનાયકે પ.બંગાળના પૂર્વ મુખ્યમંત્રી જ્યોતિ બાસુનો 23 વર્ષ, 138 દિવસનો રેકોર્ડ તોડયો છે.

⇒ સિક્કિમના મુખ્યમંત્રી પવનકુમાર ચામલિંગ વર્તમાનમાં સૌથી લાંબો સમય 24 વર્ષ, 166 દિવસ મુખ્યમંત્રી રહેનાર તરીકે પ્રથમ છે.

⇒ ભારતના 2023 સુધીના ટોચના 10 સૌથી લાંબો સમય મુખ્યમંત્રી પદ રહેનાર.

(1) પવનકુમાર ચામલિંગ (સિક્કિમ)
(2) નવીન પટનાયક (ઓડિશા)
(3) જ્યોતિ બાસુ (પ.બંગાળ)
(4) ગેગોંગ અપાંગ (અરૂણાચલ)
(5) લાલ થનહવલા (મિઝોરમ)
(6) વિરભદ્ર સિંહ (હિમાચલ)
(7) માણિક સરકાર (ત્રિપુરા)
(8) એમ કરૂણાનિધિ (ત.નાડુ)
(9) પ્રકાશ સિંહ બાદલ (પંજાબ)
(10) યશવંત સિંહ પરમાર (હિમાચલ)

**[*] વિશ્વ હિપેટાઈટિસ દિવસ - 28 જુલાઈ.**

⇒ હિપેટાઈટિસ બાબતે જાગૃતતા લાવવા અને તેના માટેના પગલાંઓ માટે પ્રોત્સાહિત કરવા આ દિવસ મનાવાય છે.

⇒ વર્ષ 2023ની થીમ - 'એક જીવન, એક લીવર'

⇒ 2008માં આ દિવસ પ્રથમવાર મનાવાયો કે ડો. બારૂક બ્લમબર્ગની જયંતીના ઉપલક્ષ્યમાં હતો. જેમણે હિપેટાઈટીસ બી (HBV) વાયરસની શોધ કરી હતી.

Current Affairs By C.H.Mangala GPSC

⇒ અગાઉ આ દિવસ 19 મે એ મનાવાતો જે 2010માં 28 જુલાઈ કરવામાં આવ્યો.

⇒ દર વર્ષે 1.34 મિલિયન લોકો આ બિમારીથી પ્રભાવિત થાય છે. અને WHOના લક્ષ્ય મુજબ 2030 સુધીમાં મૃત્યુઆંક 90% થી ઘટાડી 65% કરવાનો છે.

⊙ હિપેટાઈટિસ ⊙

→ તે લીવર પરનો સોજો છે.

→ તેના વાયરસના મુખ્ય 5 પ્રકાર છે. A, B, C, D, E. જેમાંથી હિપેટાઈટિસ B અને C મૃત્યુનું વધુ કારણ બને છે.

[*] UNESCOના એશિયા પ્રશાંત સાંસ્કૃતિક વિરાસત પુરસ્કાર ભાયખલા રેલવે સ્ટેશનને આપવામાં આવ્યો.

⇒ મુંબઈના 169 વર્ષ જૂના ભાયખલા રેલવે સ્ટેશનને આ દરજ્જો અપાયો છે.

⇒ BJP નેતા શાઈના એનસીએ વિરાસત સંરક્ષણ વાસ્તુકાર આભા લાંબા અને બજાજ ટ્રસ્ટના મીનલ બજાજની મદદથી આ સ્ટેશનનો જીર્ણોદ્ધાર શરૂ કર્યો હતો.

⇒ ભાયખલા સ્ટેશનનો આ પુરસ્કાર રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે આપ્યો છે.

[*] આંતરરાષ્ટ્રીય મેન્ગ્રૂવ દિવસ-26 જુલાઈ.

⇒ દર વર્ષે 26 જુલાઈએ મેન્ગ્રોવ પારિસ્થિતિકી તંત્રના રક્ષણ માટે આંતરરાષ્ટ્રીય દિવસ મનાવાય છે.

⇒ 2015માં UNESCOએ આ દિવસની શરૂઆત કરી હતી. મેન્ગ્રૂવ, પોર્ટુગલ શબ્દ "મેંગ્રૂ" અને અંગ્રેજી શબ્દ 'ગ્રોવ'નું સંયોજન છે.

⇒ મેન્ગ્રૂવ દરિયાને આગળ વધતો અટકાવે છે.

⇒ ભારતમાં મેન્ગ્રૂવના જંગલમાં પ્રથમ પ.બંગાળ અને બીજું ગુજરાત છે.

(*) લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાએ સરકાર વિરૂદ્ધના અવિશ્વાસ પ્રસ્તાવનો સ્વીકાર કર્યો.

⇒ લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાએ મણિપુર હિંસા પર સરકાર વિરૂદ્ધ ગૌરવ ગોગોઈએ મુકેલ અવિશ્વાસ પ્રસ્તાવનો સ્વીકાર કર્યો.

⇒ NDA સરકાર પાસે લોકસભામાં સ્પષ્ટ બહુમત છે પરંતુ અવિશ્વાસ પ્રસ્તાવનો ઉપયોગ વિપક્ષ દ્વારા વિશેષ મુદ્દાઓ પર સદનમાં ચર્ચા કરવા સરકારને મજબૂર કરવા લાવવામાં આવે છે.

• અવિશ્વાસ પ્રસ્તાવ •

⇒ અનુચ્છેદ 75(3) અનુસાર, મંત્રિપરિષદ સામૂહિક રીતે લોકસભા પ્રત્યે ઉત્તરદાયી છે.

⇒ કોઈ પણ લોકસભા સાંસદ 50 સભ્યોના સમર્થનથી મંત્રિપરિષદ વિરૂદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવ લાવી શકે છે.

⇒ પ્રસ્તાવ પરની ચર્ચાના અંતે મત દ્વારા તેનો નિર્ણય લેવાય છે. જો પ્રસ્તાવ પસાર થાય તો સરકારે રાજીનામું આપવું પડે છે.

⇒ સરકાર વિશ્વાસ પ્રસ્તાવ લાવી પોતાનો બહુમત સાબિત કરી શકે છે.

⇒ અવિશ્વાસ પ્રસ્તાવનો સ્વીકાર કરવો કે નહીં તે નિર્ણય લોકસભાના અધ્યક્ષ લે છે.

⇒ અવિશ્વાસ પ્રસ્તાવ **માત્ર લોકસભામાં જ** લાવી શકાય છે.

Current Affairs By C.H.Shiroya Crack GPSC

# ✱ 31 જુલાઈ - 2023 ✱

## ✱ SBIના રિપોર્ટ અનુસાર ભારત 2027માં ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનશે

⇒ SBIના આર્થિક અનુસંધાન રિપોર્ટ 'ઈકોરેપ' અનુસાર આ સંભાવના દર્શાવવામાં આવી છે. જે માર્ચ 2023 સુધીના GDP ડેટાના આધારે છે.

⇒ ડેટા મુજબ અર્થવ્યવસ્થામાં ભારત 2027 માં જાપાન અને જર્મનીને પાછળ છોડશે. ભારતમાં દર વર્ષે 0.75 ટ્રિલિયન ડોલરની આવકની સંભાવના સાથે 2027 સુધીમાં 20 ટ્રિલિયન ડોલરની આવક થશે.

⇒ આ રિપોર્ટમાં ભારતને 2027 સુધી 8.4% ની CAGR (મિશ્રિત વાર્ષિક આર્થિક વૃદ્ધિ દર)ની જરૂરિયાત પડશે દર્શાવ્યું છે.

Current Affairs By G.H.Shingala GPSC

## ✱ નાગાલેન્ડ લમ્પી ત્વચા રોગ સંક્રમિત રાજ્ય જાહેર થયું.

⇒ નાગાલેન્ડના આઠ જિલ્લામાં લમ્પી ત્વચા રોગ જોવા મળ્યો જેમાં 100થી વધુ આ બીમારીનો ભોગ બન્યા.

⇒ આ રોગ નાગાલેન્ડના 'શુકો' પ્રાણી કે જે ત્યાંનું મૂળ નિવાસી છે તેમાં વધુ જોવા મળ્યું છે. આ પ્રાણીને 2020ના નામાંકિત કરાયું હતું. હાલ તેની સંખ્યા 53000 જેવા મળે છે.

⇒ વર્ષ 2022માં રાજસ્થાન, મહારાષ્ટ્ર, પંજાબ, કર્ણાટક, હિમાચલ પ્રદેશ, ગુજરાત, હરિયાણા, જમ્મુ-કાશ્મીરમાં આ બીમારી જોવા મળી હતી.

• **લમ્પી રોગ:**

→ તેના માટેનો વાયરસ – કેપ્રીપોક્સવાયરસ

→ દૂધાળા પશુઓમાં રુધિર પીતા કીડાઓ મારફતે ફેલાય છે.

→ લક્ષણ- વજન ઘટવો, તાવ, મોંમા છાલા, દૂધ ઉત્પાદનમાં ઘટાડો.

## * ભારતની પ્રથમ ઓનલાઈન ગેમિંગ એકેડેમી મધ્યપ્રદેશમાં શરૂ થઈ

⇒ મધ્યપ્રદેશ સરકારના રમતગમત વિભાગે ઈ-સ્પોર્ટ્સ જૂનિયર ચેમ્પિયનશિપની શરૂઆત સાથે ભારતની પ્રથમ ઓનલાઈન ગેમિંગ એકેડેમી શરૂ કરી.

⇒ આ એકેડેમીમાં 200 કલાકો સાથે 40,000 નામાંકન થયું.

⇒ એકેડેમીના માધ્યમથી ઈસ્પોર્ટ્સ એથ્લેટ ચેમ્પિયનશિપમાં યુવાઓ આગળ આવશે.

⇒ ઈ-સ્પોર્ટ્સ એકેડેમીમાં 20% અન્યક્ષેત્ર અને 80% રાજ્યના ઉમેદવારોને નામાંકીત કરાશે જેના માટે વ્યાપક રીતે પ્રશિક્ષણની સુવિધા ઉભી કરાશે.

## * વિશ્વ પ્રકૃતિ સંરક્ષણ દિવસ- 28 જુલાઈ World Nature Conservation Day

⇒ પ્રકૃતિ અને પ્રાકૃતિક સંસાધનોના સંરક્ષણના મહત્વને ઉજાગર કરવા આ દિવસ મનાવાય છે.

⇒ આ દિવસનો મુખ્ય ઉદ્દેશ્ય વિવિધ પ્રાકૃતિક સંસાધનો જેવા કે જલ, હવા, માટી, ઊર્જા, વનસ્પતિ, ખનિજ અને પશુ જીવનની રક્ષા કરવાનો છે.

⇒ વર્ષ 2023ની થીમ - 'વન અને રોજગાર: લોકો અને ગ્રહોને સુરક્ષિત રાખવું.'

⇒ સંયુક્ત રાષ્ટ્ર ખાદ્ય એવં કૃષિ સંગઠન અનુસાર 2050 સુધીમાં પૃથ્વી ઉપરની 90% માટીને ખતરો સાબિત થશે.

## [*] આશૂરા-એ-મુહર્રમ

⇒ ૨૧ જુલાઈથી આશૂરા-એ-મુહર્રમ ઉત્સવ ઉજવાયો જે મુહર્રમના 10મો દિવસ છે.

⇒ આ દિવસે હજરત અલીના પુત્ર અને મહંમદ પૈગંબરના પૌત્ર ઈમામ હુસેનની શહાદતનું પ્રતીક છે. જેમનું મસ્તક 680 ઈ.સ.માં કર્બલાની લડાઈમાં કપાયું હતુ.

⇒ આશૂરા શબ્દને અરબી અંક 10 તરીકે લખવામાં આવે છે.

⇒ આ દિવસ ઈસ્લામિક/હિજરી કૅલેન્ડરનો પ્રથમ મહિનો દર્શાવે છે. અને આ દિવસે તાજિયા/જૂલૂસ કાઢવામાં આવે છે.

## [*] બાલ શ્રમિક વિદ્યા યોજના-ઉત્તરપ્રદેશ

⇒ 5000 બાળકો સુધી પહોંચવા UP સરકારે 75 જિલ્લામાં આ યોજના અમલમાં મૂકી.

⇒ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય બાલ શ્રમિકોને શિક્ષિત કરવાનો છે જે હાલ ૨૦ જિલ્લામાં ૨૦૦૦ બાળકો માટે પાયલટ પ્રોજેક્ટ તરીકે શરૂ છે.

⇒ કૃષિ, સ્વરોજગાર, ગૃહ ઉદ્યોગ, ઘરકામમાં રોકાયેલા 8 થી 18 વર્ષના બાળકોને વાર્ષિક 12000 (છોકરાને) અને 14400 (છોકરીને) આર્થિક સહાય અપાશે.

⇒ આર્થિક સહાય મેળવવા માટે એક માત્ર શરત શાળામાં 70% હાજરી રાખવામાં આવી છે.

⇒ બાળક 8, 9 અને 10મું ધોરણ પાસ કરે તો દરેક સ્તરે વધારાના 6000 રૂ. અપાશે.

Current Affairs By C.H.Shingala GPSC




ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ

CRACK GPSC


UPSC - GPSC - PI - PSI - RFO

Dy. SO / મામ. | કલર્ક | તલાટી | કોન્સ્ટેબલ

RFO | TAT | TET | HTAT


# સ્પર્ધાત્મક પરીક્ષા માટે અગત્યનાં પુસ્તકો

**બુકની ઈમેજ પર ક્લિક કરી બુકની સંપૂર્ણ માહિતી મેળવો અને ઓર્ડર કરો.**
























ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ

**CRACK GPSC**

**UPSC - GPSC - PI - PSI - RFO**

**Dy. SO / મામ. | કલર્ક | તલાટી | કોન્સ્ટેબલ**

TAT | TET | HTAT

**એક એપ, બધી પરીક્ષાઓ**



**વધુ માહિતી માટે Crack GPSC એપમાં BOOKS વિભાગ વિઝિટ કરો. એમેઝોન પર પણ ઉપલબ્ધ .**